Saturday
18.03.2023
✳Volume :7 ✳ Issue No.228
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Managing Editor: Arjun Sondarva ✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

શ્રી ગિરિરાજ સિંહે 'ભારતમાં ૨૫૦ મોડલ ગ્રામ પંચાયત ક્લસ્ટર બનાવવાના પ્રોજેક્ટ' પર પ્રગતિની સમીક્ષા કરી

કમલમ્ ન્યુઝ,

શ્રી ગિરિરાજ સિંહ, કેન્દ્રીય ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ મંત્રીએ ૧ લ્મી માર્ચ, ૨૦૨૩ના રોજ નવી દિલ્હીમાં વીડિયો કોન્ફરન્સ દ્વારા 'ભારતભર માં ૨૫૦ મોડલ ગ્રામ પંચાયત ક્લસ્ટર બનાવવાના પ્રોજેક્ટ' પરની પ્રગતિની સમીક્ષા કરવા માટે યોજાયે લી બેઠકની અધ્યક્ષતા કરી અને યુવા ફેલો (YFs) રાષ્ટ્રીય ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ સંસ્થા (NIRD&PR), અને ૨૫૦ મોડેલ ગ્રામ પંચાયત ક્લસ્ટરોના રાજ્ય પ્રોજેક્ટ કોઓર્ડિનેટર (SPCs) સાથે વાતચીત કરી. આ બેઠકમાં પંચાયતી રાજ મંત્રાલયના સચિવ શ્રી સુનિલ કુમાર, એનઆઈઆરડી એન્ડ પીઆરના મહાનિર્દેશક ડૉ. જી. નરેન્દ્ર કુમાર, પંચાયતી રાજ મંત્રાલયના અધિક સચિવ ડૉ. ચંદ્ર શેખર કુમાર અને પંચાયતી રાજ મંત્રાલયના સંયુક્ત સચિવ શ્રી વિકાસ આનંદે હાજરી આપી હતી. દેશના વિવિધ ભાગોમાંથી યંગ ફેલો સહિત ૨૧૦ થી વધુ સહભાગીઓ વર્ચ્યુઅલ મોડમાં મીટિંગમાં જોડાયા હતા. આ પ્રસંગે બોલતા, શ્રી ગિરિરાજ સિંહે 'ભારતભરમાં ૨૫૦ મોડેલ ગ્રામ પંચાયત ક્લસ્ટર બનાવવાના પ્રોજેક્ટ' હેઠળ આવરી લેવામાં આવેલી ગ્રામ પંચાયતોના સર્વાંગી વિકાસની ખાતરી કરવા માટે મોડેલ ગ્રામ પંચાયતો વિકસાવવા પર ભાર મૂક્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે દૂરના વિસ્તારોમાં કામ કરતા યુવા ફેલોએ સમુદાયની ભાગીદારી સાથે એક ઉદાહરણ સ્થાપિત કરવું જોઈએ જેથી કરીને વધુ બાળકો ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવે અને વિદ્યાર્થીઓ શાળા છોડી ન જાય. ગ્રામ પંચાયતોમાં લોક લાઈઝેશન ઓફ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (LSDGs) હેઠળ વિવિધ વિષયોના ક્ષેત્રોમાં યુવા ફેલો નોંધપાત્ર ભૂમિકા ભજવી શકે છે. કેન્દ્રીય મંત્રીએ આ મોડેલ ગ્રામ પંચાયતોના ગરીબી નિવારણ અને આર્થિક સશક્તિકરણ માટે ઉપલબ્ધ સંસાધનોના સંકલન સાથે અને તમામ હિતધારકો સાથે સંકલન કરીને મિશન મોડમાં ગ્રામ પંચાયતોમાં અમલી વિવિધ યોજનાઓના સંતૃપ્તિ મોડને હાંસલ કરવા માટેની વ્યૂહરચના પર કામ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

તેમણે 'શિક્ષા યુક્ત પંચાયત', 'જાતિ રોજગાર યુક્ત પંચાયત', 'સ્વચ્છતાયુક્ત પંચાયત', 'ગ્રીન પંચાયત', 'સ્વસ્થ પંચાયત' અને 'સ્વ-ટકાઉ પંચાયત' હાંસલ કરવા માટે તમામ YFs ને સમુદાયની સીધી સંડોવણી દ્વારા ૬ ગ્રામ સભાઓ સુનિશ્ચિત કરીને અને આયોજન કરવા નિર્દેશ આપ્યો હતો. NIRD અને PR ને તમામ YFsની સક્રિય ભાગીદારી સાથે એક દિવસીય રાષ્ટ્રીય સ્તરની વર્કશોપ બોલાવવા અને આ પ્રોજેક્ટ હેઠળ આવરી લેવામાં આવેલી ગ્રામ પંચાયતોમાં પ્રગતિ અને સિદ્ધિઓની સમીક્ષા કરવા માટે મોનિટરિંગ ડેશબોર્ડ વિકસાવવાનું સૂચન કરવામાં આવ્યું હતું. ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજના કેન્દ્રીય મંત્રીએ પણ ગ્રામ પંચાયત વિકાસ યોજનાઓ (GPDPs) ના મહત્વનો ઉલ્લેખ કર્યો અને YFsને પંચાયતોના સર્વાંગી વિકાસ માટે સંબંધિત પરિમાણોનો ઉપયોગ કરીને અસરકારક સર્વગ્રાહી યોજના ઘડવા પ્રોત્સાહિત કર્યાં. દરેક ગ્રામ પંચાયતે એલએસડીજી હેઠળ એક અથવા વધુ વિષયોના ક્ષેત્રોમાં સંતૃપ્તિ હાંસલ કરવા માટે પ્રયત્ન કરવો જોઈએ, જેમ કે, સ્વચ્છ અને હરિત ગામ, સ્વસ્થ ગામ, પાણી પૂરતું ગામ, મહિલા-મૈત્રીપૂર્ણ ગામ, બાળ-મૈત્રીપૂર્ણ ગામ વગેરે. સમગ્ર દેશમાં મોડલ ગ્રામ પંચાયતો બનાવવા માટે ઉપલબ્ધ સંસાધનોના યોગ્ય ઉપયોગ અને પડકારોને પહોંચી વળવા ભવિષ્યની વ્યૂહરચના અને આગળના માર્ગ પરની ચર્ચા બેઠકની વિશેષતા હતી. શરૂઆતમાં, 'ભારતમાં ૨૫૦ મોડેલ ગ્રામ પંચાયત ક્લસ્ટર બનાવવા માટેના પ્રોજેક્ટ' હેઠળ વિવિધ પાસાઓ અને પ્રગતિ વિશે વિગતવાર રજૂઆત ડૉ. અંજન કુમાર ભાંજા, ફેકલ્ટી અને હેડ, CPRDP અને SSD, NIRD અને PR દ્વારા કરવામાં આવી હતી કેટલાક YF એટલે કે,કુ. પૂનમ ખત્રી, ઉત્તરપ્રદેશ, કુ. સુમન ખટીક, ગુજરાત, કુ. જ્યોતિસ્મિતા ડેકા, આસામ, શ્રી આદિત્ય ઈંગલે, મહારાષ્ટ્ર, કુ. ચિત્રાંશી ધામી, ઉત્તરાખંડ, કુ. અંગિતા કુમારી, બિહાર, કુ. રિચા મિત્રા, પશ્ચિમ બંગાળ, શ્રીમતી સપના શર્મા, હિમાચલ પ્રદેશ, શ્રી કુષ્ણ મધ્યાસિયા, મધ્ય પ્રદેશ અને શ્રી ગણેશ સિંહ, ઉત્તરાખંડે પાયાના સ્તરે તેમના અનુભવો શેર કર્યા.

કમલમ્ ન્યુઝ,

ગુજરાતની વડી અદાલત ખાતે નવનિયુક્ત પાંચ જજીસનો શપથગ્રહણ સમારોહ યોજાયો. કાર્યકારી ચીફ જસ્ટિસ શ્રી એ. જે. દેસાઈ એ નવનિયુક્ત તમામ ન્યાયાધીશશ્રીઓને શપથ લેવડાવ્યા હતા. પાંચ નવનિયુક્ત ન્યાયાધીશ શ્રી સુસાન વેલેન્ટાઈન પિન્ટો, શ્રી હસમુખ સુથાર, શ્રી જિતેન્દ્ર દોશી, શ્રી મંગેશ મેગડે, અને શ્રી દિવ્યેશ જોશીએ શપથ ગ્રહણ કર્યા હતા આજના શાપથગ્રહણ સમારોહમાં રાજ્યના કાયદા મંત્રી શ્રી ઋષિકેશ પટેલ, એડવોકેટ જનરલ શ્રી કમલ ત્રિવેદી તથા હાઈકોર્ટના જજીસ, વરિષ્ઠ વકીલો, નવનિયુક્ત ન્યાયાધીશશ્રીઓના પરિજનો ઉપસ્થિત રહ્યાં હતા.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ અમરેલીમાં ખેડૂતો અને અધિકારીશ્રીઓ સાથે પ્રાકૃતિક કૃષિ અંગે વાર્તાલાપ કર્યો

કમલમ્ ન્યુઝ,

સમગ્ર રાજ્યના ખેડૂતો સુધી પ્રાકૃતિક કૃષિને એક અભિયાન સ્વરુપે લઈ જનારા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ અમરેલી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે અધિકારીશ્રીઓ અને પ્રાકૃતિક ખેતી કરતા કૃષિકારો સાથે વાર્તાલાપ કર્યો હતો. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જિલ્લાના અધિકારીશ્રીઓને સંબોધતાં કહ્યું કે, પ્રાકૃતિક કૃષિના રોડમેપ મુજબ આગામી ૧૦ દિવસમાં અમરેલી જિલ્લાના તમામ તાલુકામાં ૧૦-૧૦ ગામોનું ક્લસ્ટર બનાવી અને શ્રેષ્ઠ પ્રાકૃતિક ખેતી કરતા એક-એક ખેડૂતને આત્માના અધિકારીશ્રીઓ દ્વારા બે દિવસ પ્રાકૃતિકની તાલીમ આપવામાં આવે. વર્ષાઋતુ પહેલાં જિલ્લાનું એક પણ ગામ પ્રાકૃતિક કૃષિની તાલીમ વગર બાકી ન રહે તેની તકેદારી રાખવામાં આવે. દરેક ગામને સો ટકા પ્રાકૃતિક ખેતીયુક્ત કરવું એ લક્ષ્ય છે. ગુજરાત અન્ય ક્ષેત્રે દેશ-દુનિયા માટે મોડલ છે, તેવી જ રીતે ગુજરાતને પ્રાકૃતિક ખેતીનું પણ રોલ મોડલ બનાવવાનું છે. ગુજરાતના ખેડૂતો સમગ્ર દેશના ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ આપશે. આ વાર્તાલાપમાં રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના અનુભવો વિશેની માહિતી અને વિગતો મેળવી પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોના મંતવ્યો સાંભળ્યા હતા. જિલ્લા કલેકટર શ્રી ગૌરાંગ મકવાણાએ જિલ્લાની પ્રાકૃતિક ખેતી વિષયક વિગતો આપતાં જણાવ્યું હતું કે, જિલ્લામાં ગત વર્ષે ૧૬,૫૦૦ એકરમાં પ્રાકૃતિક ખેતી થઈ હતી. આ વર્ષે ૧૯,૦૦૦ એકર સુધીમાં થવાનું અનુમાન છે. અત્યાર સુધીમાં આત્મા અને ખેતીવાડી કચેરી દ્વારા જિલ્લાના ૨૦,૦૦૦ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ આપવામાં આવી છે. જિલ્લા કલેકટર કચેરી અને જિલ્લા પંચાયત તેમજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે મહિનામાં બે દિવસ અમૃત આહાર બજાર યોજાય છે. આઉપરાંત ૫૯૮ ગામોમાં રાત્રિસભા દ્વારા પ્રાકૃતિક ખેતીની સમજ આપવા ઉપરાંત પ્રાકૃતિક ખેતીનો માર્ગ અનુસરવા અને અપનાવવા ખેડૂતો શપથ પણ લઈ રહ્યા છે. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી રેખાબેન મોવલિયા, અમરેલી નગરપાલિકા પ્રમુખશ્રી મનિષાબેન રામાણી, આત્મા પ્રોજેક્ટના રાજ્યના નોડલ અધિકારીશ્રી પી.એસ. રબારી, પ્રાકૃતિક ખેતીના રાજ્યના સંયોજકશ્રી પ્રફુલભાઈ સેંજલિયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી દિનેશ ગુરવ, આત્મા પ્રોજેક્ટ, જિલ્લા ખેતીવાડી સહિત વિભાગના અધિકારીશ્રીઓ અને પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી ગાંધીનગર અને સાંસ્કૃતિક મંત્રાલય, ભારત સરકાર દ્વારા સંયુક્ત રીતે સ્વામી વિવેકાનંદના જીવન પર આધારિત ભવ્ય નાટકનું આયોજન

આ નાટક રાષ્ટ્રકવિ રામધારી સિંહ 'દિનકર' મેમોરિયલ ટ્રસ્ટ, નવી દિલ્હી દ્વારા રજૂ કરવામાં આવશે

કમલમ્ ન્યુઝ,

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી ગાંધીનગર અને ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલયના સહયોગથી સ્વામી વિવેકાનંદના અમૂલ્ય શબ્દો, ચરિત્ર નિર્માણ, જીવન અને સંવાદોથી પ્રેરિત નાટકનું આયોજન ૧૮ માર્ચ, ૨૦૨૩ના રોજ સાંજે ૦૫:૩૦ કલાકે સંસ્થાના જસુભાઈ સ્મૃતિ ઓડિટોરિયમમાં કરવામાં આવશે. આ નાટક રાષ્ટ્રકવિ રામધારી સિંહ 'દિનકર' સ્મૃતિ ન્યાસ, નવી દિલ્હી દ્વારા સાંજે ૦૬:૦૦ કલાકે રજૂ કરવામાં આવશે. સાંજે ૦૫:૩૦ કલાકે કાર્યક્રમના ઉદ્ઘાટન બાદ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી ગાંધીન ગરના ડાયરેક્ટર પ્રો. રજત મૂના અને રાષ્ટ્રકવિ રામધારી સિંહ 'દિનકર' મેમોરિયલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી નીરજ કુમાર સભાને સંબોધશે. આ નાટક સ્વામી વિવેકાનંદ ના કાલાતીત જ્ઞાનને શ્રદ્ધાંજલિ છે જે આપણા જીવન પર કાયમી અસર કરશે.

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીએ ઉત્તરાખંડના દેહરાદૂન ખાતે પ્રોજેક્ટ AKLVYSનું ઉદ્ઘાટન કર્યું.

કમલમ્ ન્યુઝ,

૧૫.૦૩.૨૦૨૩ના રોજ, રાષ્ટ્રીય મહત્વની સંસ્થા, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીએ, ઉત્તરાખંડના દેહરાદૂન ખાતે - અમૃત કૌશલ વિકાસ યોજના - સુરક્ષાથી (AKLVYS) હેઠળ પ્લેસમેન્ટ લિંક્ડ પ્રાઈવેટ સિક્યોરિટી ગાર્ડ ટ્રેનિંગના ૧૬૦ કલાકના છ લ્લા તાલીમ શિબિરનું ઉદ્ઘાટન કર્યું. ઉદ્ઘાટન સમારોહમાં શ્રી જિતેન્દ્ર કુમાર સોનકર (યુવા કલ્યાણ નિયામક); શ્રી નિમેશ દવે (નિયામક I/c, સ્કૂલ ઓફ પ્રાઈવેટ ઈન્ડસ્ટ્રીયલ અન્ડ કોર્પોરેટ સિક્યોરિટી મેનેજમેન્ટ, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી-મુખ્ય કેમ્પસ), સુશ્રી સોમ્યા દ્વિવેદી (ડી. પ્રોજેક્ટ ઓફિસર, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી) શ્રી રાકેશ ચંદ્ર ડીમરી (ઉચ્ચ નિયામક, યુવા કલ્યાણ); શ્રી અજય કુમાર અગ્રવાલ (સંયુક્ત- નિયામક, યુવા કલ્યાણ); શ્રી શક્તિ સિંહ (ડેપ્યુટી ડાયરેક્ટર, યુવા કલ્યાણ); શ્રી એસ. કે જયરાજ (ડ્યુટી ડાયરેક્ટર, યુવા કલ્યાણ), શ્રી નીરજ ગુપ્તા (સહાયક કમાન્ડન્ટ, યુવા કલ્યાણ); શ્રીમતી. દીપ્તિ જોશી (સહાયક નિયામક, યુવા કલ્યાણ) અને ફાયર સેફટી વિભાગ, ઈન્ટેલિજન્સ બ્યુરો, SDRF, સ્થાનિક તપાસ એકમ અને પોલીસ આરોગ્ય વિભાગના ટ્રેનર્સ ઉપસ્થિત રહ્યા હતા. યુવા કલ્યાણ અને પ્રાંતીય રક્ષક દળ એ પ્રોજેક્ટ માટે પ્રોજેક્ટ અમલીકરણ એજન્સી છે. આ તાલીમ યુથ સેન્ટર, આમવાલા, ડેરહરાદૂન - ઉત્તરાખંડ ખાતે હાથ ધરવામાં આવનાર છે. આ તાલીમ ૧૦૫ તાલીમી કેડેટ્સને આપવામાં આવશે જેમાંથી ૨૬ મહિલા ઉમેદવારો છે. હરિદ્વાર, અલ્મોડા, ઉધમ સિંહ નગર, નૈનીતાલ અને દેહરાદૂન જિલ્લાઓમાંથી તાલીમી ઉમેદવારો આવ્યા છે. તાલીમનો સમયગાળો ૧૬૦ કલાક (૨૦ દિવસ) છે. કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ થયા પછી તાલીમપ્રાપ્ત ઉમેદવારોને ખાનગી સુરક્ષા એજન્સીઓમાં મૂકવામાં આવશે. પ્રોજેક્ટ AKLVYS (અમૃત કૌશલ વિકાસ યોજના - સુરક્ષા) એ રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીની ઈન્ટર્નશિપ અને પ્લેસમેન્ટ શાખા દ્વારા શરૂ કરાયેલ એક પાયલોટ આઉટરીચ પ્રોજેક્ટ છે. આ તાલીમાર્થી-કેન્દ્રિત અને પ્લેસમેન્ટ-લિંક્ડ પ્રશિક્ષણ પહેલ વ્યૂહાત્મક રીતે રચાયેલ નિઃશસ્ત્ર સુરક્ષા તાલીમ કાર્યક્રમ છે જેનો હેતુ યુવાનોને (મુખ્યત્વે ભારતીય મતવિસ્તારના ગ્રામીણ/આદિવાસી/લાલ કોરિડોરમાંથી/આર્થિક રીતે નબળા વિભાગ/વંચિત વિભાગ/અંડરપ્રિવિલેજ્ડ વિભાગમાંથી) ઓછામાં ઓછા ૧૦મું પાસ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોને પ્રોત્સાહિત કરવાનો અને રાષ્ટ્રીય સુરક્ષા તરફ ધ્યાન કેન્દ્રિત કરવા અને સુરક્ષા ક્ષેત્રમાં તેમને રોજગારીયોગ્ય બનાવવામાટેનો છે. આ પ્રોજેક્ટ હેઠળ રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીએ ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડમાં ૮૭૮ ઉમેદવારોને તાલીમ આપી છે.

G20 સમિટના યજમાનપદની ઉજવણીના ભાગરૂપે આઈ ટી આઈ, વાઘડીયા ખાતે યોજાયો યુવા ઉત્સવ

કેન્દ્રીય સંચાર બ્યૂરો, સુરત દ્વારા કેન્દ્ર સરકારનાં સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણ વિષય પર ચિત્ર પ્રદર્શન યોજાયું

કમલમ્ ન્યુઝ,

યુવાઓમાં રહેલી સર્જન શક્તિનો પરિચય કરાવવા તેમજ તેઓનું કૌશલ્ય નિખારવા માટે યુવા બાબતોના મંત્રાલયનાં માર્ગદર્શન હેઠળ નેહરુ યુવા કેન્દ્ર, નર્મદા દ્વારા આઈ ટી આઈ વાઘડીયા ખાતે યુવા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું ઉદ્ઘાટન જિલ્લા પંચાયત પ્રમુખ, નર્મદા શ્રીમતી પર્યુષાબેન વસાવા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અંકિત પશુ, નેહરુ યુવા કેંદ્ર, ગુજરાતનાં રાજ્ય નિદેશક શ્રીમતી મનીષાબેન શાહ સહિતનાં અતિથિ દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉત્સવમાં વિવિધ સ્પર્ધાઓમાં જેવી કે ફોટોગ્રાફી, વકતૃત્વ, ચિત્રકલા, કવિતા લેખન અને સાંસ્કૃતિક કાર્યક્રમ સ્પર્ધામાં મોટી સંખ્યામાં યુવાનોએ ભાગ લીધો. યુવા ઉત્સવ દરમિયાન કેન્દ્રીય સંચાર બ્યૂરો, માહિતી અને પ્રસારણ મંત્રાલય, ભારત સરકાર, સુરત દ્વારા સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણ - સંકલ્પથી સિધ્ધિ વિષય પર એક દિવસીય પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. સાથે જ રાજ્ય સરકારના વિવિધ વિભાગો જેમ કે મહિલા અને બાળવિકાસ, જિલ્લા ઉદ્યોગ કેંદ્ર, જિલ્લા રોજગાર કચેરી, આર ટી ઓ, વિવિધ એનજીઓ પોતાના વિભાગની કામગીરી અંગે અહીં તૈયાર કરેલા સ્ટોલ દ્વારા માહિતી આપવામાં આવી હતી.

તંત્રી સ્થાનેથી.....

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા એવી સ્ટેચ્યુ ઑફ યુનિટીની મુલાકાતે દેશવિદેશના લાખો સહેલાણીઓ અને મુલાકાતીઓ આવી રહ્યા છે. બીજી તરફ, દક્ષિણ ગુજરાતના મહત્વના હિલ સ્ટેશન એવા સાપુતારાની મુલાકાત લેનારા પર્યટકોની સંખ્યા ખૂબ મોટી છે. ત્યારે રાજ્યના પ્રવાસન ઉદ્યોગને વેગ આપવા માટે આ બંને મહત્વના પ્રવાસન સ્થળોને જોડતા ૯૫ કિલોમીટર લંબાઈના માર્ગના નિર્માણ માટે પ્રથમ તબક્કામાં રૂ. ૨૧૯.૧૭ કરોડના રસ્તાનાં કામો મંજૂર કરવામાં આવ્યાની વિગતો વિધાનસભા ગૃહમાં રજૂ કરવામાં આવી હતી. આ રસ્તાના નિર્માણ થી સમય અને ઈંધણની બચત થવાની સાથે આ વિસ્તારમાં મોટી સંખ્યામાં રોજગારીનું પણ નિર્માણ થશે. હાલ ૧૫મી ગુજરાત વિધાનસભાનું બીજું સત્ર ચાલી રહ્યું છે, ત્યારે સાપુતારાથી સ્ટેચ્યુ ઑફ યુનિટીને જોડતા રસ્તાના કામ અંગે લેખિતમાં જવાબ રજૂ કરવામાં આવ્યો હતો. જે મુજબ પ્રથમ તબક્કામાં રાજ્ય સરકાર દ્વારા સાપુતારાથી સ્ટેચ્યુ ઑફ યુનિટીને જોડતા ૯૫ કિલોમીટર લંબાઈના માર્ગ માટે રૂ. ૨૧૯.૧૭ કરોડના રસ્તાનાં કામો મંજૂર કરવામાં આવ્યા છે. આ રસ્તો બનવાથી સાપુતારા અને સ્ટેચ્યુ ઑફ યુનિટી વચ્ચે સીધું જોડાણ થશે. જેના કારણે સમય અને ઈંધણની બચત થશે તેમજ ટ્રાફિકનું ભારણ પણ ઘટશે. આ ઉપરાંત, આ રસ્તાઓ સાથે સંકળાયેલા પૂર્વ પટ્ટીના સરહદીય વિસ્તારનાં શહેરો, ગામડાઓ તથા પ્રવાસન સ્થળોનો વધુ વિકાસ થશે. આ રસ્તાના નિર્માણથી સ્થાનિકોની રોજગારીમાં પણ વધારો થશે તેમ ઉમેરવામાં આવ્યું હતું. રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને દેશના વર્તમાન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ સમાન સ્ટેચ્યુ ઑફ યુનિટી દેશવિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા એવી સ્ટેચ્યુ ઑફ યુનિટીના ગુજરાતમાં નિર્માણથી ગુજરાતના પ્રવાસન ઉદ્યોગને વેગ મળ્યો છે. બીજી તરફ, સ્ટેચ્યુ ઑફ યુનિટીની નજીક ગુજરાતનું મહત્વનું હિલસ્ટેશન સાપુતારા પણ આવેલું છે. ત્યારે રાજ્યના આ પૂર્વ પટ્ટીના વિસ્તારમાં પ્રવાસન ઉદ્યોગને વેગ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા વિશેષ આયોજન રૂપે પ્રવાસીઓની પરિવહન સુવિધામાં વધારો કરવા આ બંને પ્રવાસન સ્થળને જોડતા ૯૫ કિ.મી.ના રસ્તાનાં કામોને મંજૂર કરવામાં આવ્યા છે.

રાણીઆંબા પ્રાથમિક શાળાના નિવૃત્ત શિક્ષકે દિકરીના લગ્ન નિમિત્તે બાળકોને તિથિ ભોજન કરાવ્યું.

કમલમ્ ન્યુઝ, સોનગઢ તાલુકામાં આવેલ રાણીઆંબા પ્રાથમિક શાળાના નિવૃત્ત શિક્ષક રણપતભાઈ એમ ચૌધરીએ પોતાની દિકરીના લગ્ન પ્રસંગ નિમિત્તે શાળાના બાળકોને તિથિ ભોજન કરાવ્યું હતું. તિથિ ભોજનમાં દાળ,ભાત, શાક,પૂરી, ખમણ અને શ્રીખંડની વાનગી પીરસવામાં આવી હતી.

ખૂબ જ સેવાભાવી ગણપતભાઈએ અગાઉ પણ સોનગઢ તાલુકાની તમામ પ્રાથમિક શાળાઓમાં ઉનાળામાં પક્ષીઓને પાણી પીવાના કુંડા રૂા. ૧૦ હજારના ખર્ચે અર્પણ કર્યા હતા. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી શૈલેષભાઈ પરમારે સામાજીક પ્રવૃત્તિઓ કરવા બદલ ગણપતભાઈ ની કામગીરીને બિરદાવી અભિનંદન આપ્યા હતા. આ પ્રસંગે શાળાના આચાર્ય ભાવીનગિરિ તથા શાળા પરિવાર અને સ્ટાફ મિત્રોએ ગણપતભાઈનો આભાર વ્યકત કર્યો હતો.

નવસારીના યુવાન હેત સોલંકીના સપના સાકાર કરતી રાજ્ય સરકારની વિદેશ અભ્યાસ લોન યોજના

કમલમ્ ન્યુઝ,

આજનો યુવા આવતીકાલનું ભવિષ્ય છે .આ ઉક્તવળ ભવિષ્યના નિર્માણમાં યુવા મહત્વનું યોગદાન આપી શકે છે .ગુજરાત સરકાર પણ ભાવી પેઢીને શિક્ષણથી સુસજ્જ કરવા અવિરત પ્રયાસો કરી શ્રેષ્ઠ ભૂમિકા ભજવી રહી છે . આજે ગુજરાતના વિદ્યાર્થીઓ પોતાની રસ રૂચી અનુસાર જીવનની કેડી કંડારી રહ્યા છે જેમાં રાજ્ય સરકારની વિદેશ અભ્યાસ લોન સહાય તેમના માટે આશીર્વાદ સમાન બનેલ છે. નવસારી જીલ્લાના જલાલપોર તાલુકાના રહેવાસી હેત સોલંકી શાળાકાળથી જ શિક્ષણમાં ખૂબ તેજસ્વી હતા. તેમણે બેચલર ઓફ સિવિલ એન્જીનિયરીંગ રાજકોટના મારવાડી યુનીવર્સિટીમાંથી કર્યું હતું. હેત સોલંકીને સીવીલ એન્જીનિયરીંગના ક્ષેત્રમાં વિદેશમાં અનુસ્નાતકની ડીગ્રી મેળવવાની ઝંખના હતી અને કેનેડાના ઓન્ટોરિયો રાજ્યની યુનીવર્સીટી ઓફ વિન્ડસોરમાં પ્રવેશ પણ નિશ્ચિત થઈ ગયું હતું . આ અગત્યના સમયે રાજ્ય સરકારના અનુસસૂચિતજાતિ કલ્યાણની કચેરી દ્વારા વિદ્યાર્થીઓને મળવાપાત્ર વિદેશ અભ્યાસ લોન યોજનાએ તેની વિદેશમાં શિક્ષણ મેળવવાની ઝંખના સાકાર કરવાનો માર્ગ મોકળો કર્યો. વિદેશ અભ્યાસ માટે વિવિધ બેંકો ધિરાણ આપે છે પરંતુ તેનો વ્યાજ દર ઘણો ઉંચો હોય છે અને પ્રથમ હપ્તો ચૂકવાય તે સાથે જ વ્યાજ ચઢવા લાગે છે એવી લાગણી વ્યક્ત કરતા હેતના પિતાશ્રી પ્રકાશભાઈ સોલંકીએ જણાવ્યું કે વિદેશમાં ભણવા માટેની રાજ્ય સરકારની ધિરાણ યોજના નજીવા વ્યાજના દરે ધિરાણ આપે છે અને વિદેશમાં અભ્યાસને સરળ અને સુગમ બનાવે છે. બેંક ધિરાણની સરખામણીમાં આ વિકલ્પ ખૂબ જ સોંઘો છે.હેતની માતા મનીષાબહેન લોન મેળવવા માટે તેમને કચેરી તરફથી મળેલ સહકારની વાત કરતાં કહે છે કેજ વિદેશ અભ્યાસ લોન મેળવવા માટે શરૂવાતમાં બેંકો તરફથી ખુબ ઉંચા વ્યાજદરે લોન મળતી હતી જે આમારા મધ્ય મવર્ગી પરિવાર માટે ખુબ ચિંતાજનક બાબત હતી. વિદેશી સહાય યોજનાની માહિતી મળતા નવસારી જુનાથાણા સ્થિત અનુસસૂચિતજાતિ કલ્યાણની કચેરીનો સંપર્ક કરતા અમને ક્યાંય કોઈપણ પ્રકારની સમસ્યાનો સામનો કરવો નથી પડ્યો.આ માટે કચેરીના દરેક વ્યક્તિએ અમને પૂરો સહકાર આપ્યો હતો. કચેરીમાથી મળેલી જાણકારી મુજબ અમે તુરંત ઓનલાઈન જરૂરી તમામ દસ્તાવેજોને અપલોડ કર્યા હતા.

જેની ચકાસણી બાદ અમને દીકરાના અભ્યાસ માટે રૂપિયા ૧૫ લાખની લોન મળી ગઈ હતી. જેના કારણે આજે મારો દીકરો વિદેશમાં સીવીલ એન્જીનિયરીંગમાં અભ્યાસ કરી રહ્યો છે. ગુજરાત સરકારે અમારા પરિવારના મોભી સદસ્ય બનીને જરૂરી લોન નજીવા દરે આપીને મારા દિકરાએ જોયેલા વિદેશ અભ્યાસના સપનાને સાકાર કર્યું છે. આ માટે રાજ્ય સરકારને અમારા પરિવાર તરફથી અંત હૃદયથી આભાર માનીએ છે. વિદેશ અભ્યાસ સહાય યોજનાથી ગુજરાતનાં ગરીબ-મધ્યમ વર્ગનાં વિદ્યાર્થીઓ પણ ઉચ્ચ અભ્યાસ આસાનીથી મેળવી રહ્યા છે. વિદેશી અભ્યાસ યોજના સહાય વિદેશ અભ્યાસ ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે સાચા અર્થ આશિર્વાદરૂપ બની છે.

ડેસુડા ટ્રેઈલમાં થાય છે વન, પુષ્પ અને રંગોની આલ્હાદક સોબત

કેવડિયા ખાતે ખાખરાના વૃક્ષો ઉપર લૂમેઝૂમે લાગેલો કેસુડો તમને જાપાનના ચેરી બ્લોસમ ઋતુની યાદ કરાવી આપે છે

કમલમ્ ન્યુઝ,

વહેલી પરોઢ માં તમે એક તરોતાજા પુષ્પ જૂઓ તો તમને કેવી લાગણી અનુભવાય ? પુષ્પની સુગંધ અને તેનો રંગ તમને નાવિન્ય ઊર્જા તો આપશે જ, સાથે તેનો રંગ માનસ પટલ ઉપર ઉંડી અસર પણ કરશે. આ વાત મનોવૈજ્ઞાનિક રીતે

સિદ્ધ થયેલી છે અને રંગોની માનસ ઉપર કેવી અસર થાય છે ? તેની અનુભૂતિ તમે સ્ટેચ્યુ ઑફ યુનિટી ખાતે કેસુડા દૂરમાં કરી શકો છે. કેસુડાના ફૂલથી લથબથ થયેલી વિંધ્યાચલની પર્વત માળાના પૂર્ણબિંદુ એવા કેવડિયા ખાતે ખાખરાના વૃક્ષો ઉપર લૂમેઝૂમે લાગેલો કેસુડો તમને જાપાનના ચેરી બ્લોસમ ઋતુની યાદ કરાવી આપે છે. સ્ટેચ્યુ ઑફ યુનિટીની મુલાકાતે આવતા પ્રવાસીઓ માટે કેસુડા ટ્રેઈલ શરૂ કરવામાં આવી છે. કુલ ત્રણ રૂટ ઉપર આ ટ્રેઈલ ચાલે છે. તેમાં એક રૂટ છે ઝીરો પોઈન્ટ. માત્ર ચાર જ કિલો મિટરનો આ રૂટ તમને કેસુડાના ફૂલો સાથે ગાઢ દોસ્તી કરવાનો મોકો આપે છે. ખલવાણીના ઝીરો પોઈન્ટથી શરૂ થતી આ ટ્રેઈલ ઉપર પગપાળા ચાલો એટલે શુદ્ધ હવા સાથે કુદરતના સાંનિધ્યની લ્હાવો મળે છે. આ ટ્રેઈલ નર્મદા સરોવર યોજના હેઠળ બનાવવામાં આવેલા તળાવ નંબર ચાર પાસેથી પસાર થાય છે. એટલે એના ઓવારે પણ ઘણા ખાખરાના વૃક્ષો ઉગ્યા છે. તેના ઉપર આ ફાગણિયા ફૂલો બેસતાની સાથે જ અદભૂત પરિદ્રષ્ય ઉભું થાય છે. આમ જોઈએ તો આ ટ્રેઈલમાં સાડા ત્રણ હજારથી પણ વધુ ખાખરાના વૃક્ષો છે. એટલે તેના ઉપર એક સમયગાળામાં કેસુડા લાગે એટલે કેવું મનમોહક લાગે ? એની કલ્પના કરવા માત્રથી જો રોમાંચિત થઈ જાય તો વિચારો કે આ ટ્રેઈલમાં જો ગ્રવ તો કેવી મજા પડતી હશે. વડોદરા સ્થિત એસએસજી હોસ્પિટલના મનોચિકિત્સા વિભાગના સાઈકિઆસ્ટ્રીસ્ટ ડો. મહેશ સુથાર કહે છે, કુદરતનું સાંનિધ્ય માનવીને સહજ આનંદ આપે છે. એમાં જો પુષ્પ ધરાવતા વનમાં પરિભ્રમણ કરવામાં આવે તો તેના રંગ અને વાતાવરણ માનસિક આરામ પ્રદાન કરે છે. વ્યસ્ત દૈનિક ધરાવતા લોકોએ આવા પરિભ્રમણ કરતા રહેવા જોઈએ. જેથી તેના કાર્યક્ષમતામાં પણ વધારો થાય છે. આટલી પુષ્કળ માત્રામાં કેસુડો જોતાની સાથે મનમાં આત્મવિશ્વાસનો સંચાર થાય છે. મનોવિજ્ઞાન કહે છે, કેસરી રંગથી આત્મ વિશ્વાસ વધે છે. આ ઉપરાંત વનરાઈનો લીલો રંગ માનસિક રીતે હિલિંગ કરે છે અને આનંદમાં વૃદ્ધિ કરે છે. આ બન્ને રંગની સોબત કેસુડા ટ્રેઈલમાં થાય છે. ખલવાણી ટ્રુનેની કેસુડા ટ્રેઈલમાં વન પરિભ્રમણ કરતાની સાથે કુદરતના પરમ સાંનિધ્ય અને નિરવ શાંતિનો અનુભવ થાય છે. વિંધ્યાચલની પર્વત માળાની વનરાઈએ જાણે કેસરી ચુંદડી ઓઢી એવો અહેસાસ થાય છે. વચ્ચે ત્રણેક વન તલાવડી પણ આવે છે. તે વનવિભાગના પ્રકૃતિ સંરક્ષણની સાક્ષી પૂરે છે. આ ચારેક કિલોમિટરના ભ્રમણમાં તમને પક્ષીઓના ગીતો સંભળાશે, તૃણભક્ષી પ્રાણીની ચહલપહલ સંભળાશે. તેના પગેરૂ જોવા મળશે. યાદ રાખવું જોઈએ કે કેસુડા ટ્રેઈલમાં જતી વખતે ટ્રેકિંગ જોડા પહેરવા જોઈએ. પાણી સિવાયના કોઈ સામાન સાથે લઈ ના જવો જોઈએ. આ ટ્રેઈલ કુદરતીની નજીક જવાનો અવસર છે. એટલે કોલાહલ તો બિલ્લુલ ના કરવો જોઈએ.

કપરાડા ખાતે કાજુની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિનો જિલ્લા કક્ષાનો પરીસંવાદ યોજાયો

કમલમ્ ન્યુઝ,વલસાડ

નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકના પારડી તાલુકાના પરિયા ગામમાં સ્થિત કૃષિ પ્રાયોગિક કેન્દ્ર દ્વારા ડીસીસીડી અનુદાનિત એક દિવસીય જિલ્લા સ્તરનો કાજુની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિનો પરીસંવાદ કપરાડા ખાતે યોજાયો હતો. જે માં ૧૪૩ પુરૂષ અને ૧૮ બહેનો મળી કુલ ૧૬૧ લોકોએ ભાગ લીધો હતો. જે તમામ લાભાર્થીઓને કાજુનું માસવાર કેલેન્ડર, ફળમાખી ફિજર અને નોવેલ પ્રવાહી ખાતરનું વિતરણ કરવામાં આવ્યું હતું. નવસારી કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડી.ઝેડ.પી.પટેલે દક્ષિણ ગુજરાતમાં કાજુની ખેતીનું મહત્વ સમજાવી કાજુનો ઉપયોગ ઘરમાં વધુ કરવા અંગે માહિતી આપી હતી. સંશોધન નિયામક ડો.ટી.આર. અહલાવતે કાજુ પાક માટેના

સંશોધન અંગે માહિતી આપી અને કાજુના ઉત્પાદન વધારવાના સુચનો આપ્યા હતા. વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. એન.એમ.ચૌહાણે કપરાડાના કાજુ સ્વાદને કારણે લોકચાહના અંગે માહિતી આપી હતી. કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, પરિયાના સંશોધન વૈજ્ઞાનિક ડો. ડી. કે. શર્માએ કાજુ પાકના ફાયદા અંગે માહિતીઆપી હતી. ડો.જિગરભાઈ ગોહિલે ખેડ-ખાતર-જળનું વ્યવસ્થાપન અંગે માહિતી આપી હતી. પ્રો.એસ.જી. પરમારે રોગ-જીવાત નિયંત્રણ અંગે માહિતી આપી હતી. કાયક્રમનું સંચાલન ડો.એસ.કે. દેસાઈએ કર્યુ હતું.

ડાંગના વિદ્યાર્થીઓ માટે ગુજરાત શિક્ષણ બોર્ડનો માનવતાવાદી અભિગમ

ડાંગના અકસ્માતગ્રસ્ત એક વિદ્યાર્થીને અપાઈ લહિયાની સેવા, તો અન્ય એક વિદ્યાર્થીને નીચે જમીન પર બેસી પરીક્ષા આપવાની સુગમતા કરી અપાઈ

કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

ડાંગ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી વિજય દેશમુખ તરફથી પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માર્ચ-૨૦૨૩ની ચાલી રહેલી પરીક્ષા દરમિયાન શિક્ષણ બોર્ડનો માનવતાવાદી અભિગમ નજરે પડ્યો છે. ગત તા. ૧૪/૩/૨૦૨૩થી ચાલી રહેલી પરીક્ષા દરમિયાન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાઢવીના ધોરણ-૧૨માં અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓ ને, ગત તા.૫/૩/૨૦૨૩ નાં રોજ ગંભીર માર્ગ અકસ્માત નડવા પામ્યો હતો. જેમાં બાગુલ રોહિતભાઈ શિવરામભાઈને જમણા હાથની તમામ આંગળીઓમાં, અને સાહરે મંયકભાઈ કમલેશભાઈને ઘુટણમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. જે પૈકી બાગુલ રોહિતનું સિવિલ હોસ્પિટલ, આહવા ખાતે આંગળીઓનું ઓપરેશન, અને સાહરે મંયકભાઈનું સિવિલ હોસ્પિટલ, વલસાડ ખાતે ઘુટણનું ઓપરેશન કરવામાં આવેલ છે. હાલ બંને વિદ્યાર્થીઓની પરીસ્થિતિ એકંદર સારી છે. ત્યારે ગત તા.૧૫ માર્ચ નાં રોજ આ બન્ને વિદ્યાર્થીઓને સિવિલ હોસ્પિટલમાંથી રજા મળતા, અને તેમના દ્વારા પરીક્ષા આપવાની ઈચ્છા દર્શાવતા, આ બાબતની રજૂઆત તેમના વાલી અને વિદ્યાર્થીઓ દ્વારા સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાઢવીના આચાર્યશ્રીને કરવામાં આવી હતી. આચાર્યશ્રી દ્વારા જરૂરી આધાર પુરાવા સાથે સદર બાબતની રજૂઆત, ડાંગ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી વી.ડી.દેશમુખ સમક્ષ કરાતા, આ રજૂઆત અંગે તાત્કાલિક ધોરણે અધ્યક્ષશ્રી, ગુજરાતમાધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર તથા પરીક્ષા નિયામકશ્રી, ઉચ્ચતર માધ્યમિક (સામાન્ય પ્રવાહ)ને તા.૧૫/૩/૨૦૨૩ નાં રોજ આ બાબતની ટેલીફોનીક જાણ કરાતા, અકસ્માતગ્રસ્ત વિદ્યાર્થીઓના ઉક્તવળ ભવિષ્ય માટે તાત્કાલિક ધોરણે લહિયાની, અને ખાસ બેઠક વ્યવસ્થાની આ માંગણી સ્વીકારી, ઉચ્ચ અધિકારીઓએ માનવતાનો ઉમદા અભિગમ દાખવી, આ વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા માટે જરૂરી કાર્યવાહી કરવાની ટેલીફોનીક પરવાનગી આપી હતી. હાલ આ બંને વિદ્યાર્થીઓ પોતપોતાના પરીક્ષા કેન્દ્રો ખાતે સુગમતા પૂર્વક પરીક્ષા આપી રહ્યા છે. શિક્ષણ વિભાગમાં જ્યાં સુધી એક એક બાળકનાં ભવિષ્યની ચિંતા કરનાર, અને ત્વરિત નિર્ણય લેનારા અધિકારીઓ છે ત્યાં સુધી, ગુજરાતમાં કોઈ પણ વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા બાબતે કોઈ ચિંતા કરવાની જરૂર નથી. એવું આ ઘટના પરથી સાબિત થવા પામ્યું છે.

મોરબી જિલ્લા કલેક્ટરશ્રી જી.ટી.પંડયાના અધ્યક્ષસ્થાને સંકલન સમિતિની બેઠક યોજાઈ

કમલમ્ ન્યુઝ,મોરબી

તા. ૧૭-૦૩-૨૦૨૩ના મોરબી જિલ્લા કલેકટરશ્રી જી.ટી.પંડયાના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠક કલેકટર કચેરીના સભાખંડ ખાતે યોજાઈ હતી. આ સંકલન બેઠકમાં કલેકટરશ્રી એ સંભવિત હીટ વેવને ધ્યાનમાં લઈને અરજદારો માટે કચેરીમાં બેસવાની તેમજ પીવા માટે ઠંડા પાણીની વ્યવસ્થા કરવા જણાવ્યું હતું. સરા ચોકડીથી હાઈવે તરફ આગળ જતાં રોડની બન્ને બાજુથી દબાણ દુર કરવા તેમજ 'સુજલામ સુફલામ', 'અમૃતસરોવર', અને 'ઈ-શ્રમ કાર્ડ' વગેરે યોજનાઓ અન્વયે સંબંધિત વિભાગોને યોગ્ય કામગીરી હાથ ધરવા જણાવ્યું હતું. ઉપરાંત જિલ્લાના આરોગ્ય કેન્દ્રો ખાતે દવાનો પુરતો જથ્થો તથા ડોકટરની ઉપલબ્ધતા મળી રહે તે મુદ્દા પર ખાસ ભાર મૂકી વિશેષ કામગીરી કરવા પણ તેમણે જણાવ્યું હતું. આ સંકલન બેઠકનું સંચાલન એન.કે. મુછ્છાર દ્વારા કરવામાં આવ્યું હતું. આ બેઠકમાંજિલ્લા કલેક્ટર શ્રી જી. ટી.પંડ્યા સાથે જિલ્લા વિકાસ અધિકારીશ્રી પરાગ ભગદેવ, ડીવાય.એસપીશ્રી ગોસ્વામી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી એન.એસ. ગઢવી, ડેપ્યુટી કલેક્ટરશ્રી ડી.સી. પરમાર, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી કવિતાબેન દવે, જિલ્લા પાણી પુરવઠા અધિકારી શ્રી વાય.એમ. વકાણી, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી વિકમસિંહ ચૌહાણ તથા માર્ગ અને મકાન(પંચાયત) કાર્યપાલક ઈજનેરશ્રી અજીત ચૌધરી, જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી નિલેશ રાણીપા સહિત મામલતદારશ્રી, ટીડીઓશ્રી, જિલ્લાના ઉચ્ચ અધિકારીશ્રી, કચેરીઓના વડા અને કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સા.ડા. બેંકના ચેરમેનશ્રી દ્વારા જિલ્લા સમાહર્તાને ૧૫ લાખનો ચેક અર્પણ કરાયો



કમલમ્ ન્યુઝ,ઈકબાલ મેમણ /યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના કલેક્ટર કચેરી ખાતે જિલ્લા સમાહર્તાશ્રી હિતેષ કોયાને સાબરકાંઠા બેંકના ચેરમેન શ્રી મહેશભાઈ પટેલ દ્વારા રૂ. ૧૫ લાખની સહાયનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. હિંમતનગર રેડ ક્રોસ સોસાયટીમાં ફિઝિયોથેરાપી સેન્ટર અને ડેન્ટલ વિભાગ માટે આધુનિક સાધનો તેમજ નવીન જેનેરીક મેડિકલ સ્ટોર ના નિર્માણ માટે આ સહાયનો ચેક અર્પણ કર્યો હતો. હિંમતનગર રેડક્રોસ સોસાયટી ના ચેરમેન શ્રી ડો. ભુપેન્દ્ર શાહ રેડક્રોસ સોસાયટીની કામગીરી અંગે જણાવ્યું હતું કે, સમગ્ર રાજ્યમાં ગુજરાત રેડક્રોસ સોસાયટી ચાલે છે જે માં હિંમતનગર રેડક્રોસ સોસાયટી દ્વારા શ્રેષ્ઠ સેવાઓ આપવામાં આવે છે. હિંમતનગર રેડક્રોસ દ્વારા ૧૫ જેટલી અલગ અલગ સેવાઓ જરૂરિયાતમંદોને પૂરી પાડવામાં આવે છે જે સમગ્ર ગુજરાતમાં સૌથી વધારે સેવાઓ પૂરી છે. આ પ્રસંગે વાઇસ ચેરમેન શ્રી ડો. ગોપલાણી, ખજાનચી જીતુભાઇ પટેલ, કારોબારી સભ્ય શ્રી સર્જન સિંહ જેતાવત, હરેશભાઈ વ્યાસ, વિપુલભાઈ સાંખલા, પિયુષભાઈ દવે, સતિષભાઈ શાહ, હિતેશ સાંખલા ઉપસ્થિત રહ્યા હતા.

સાત પીએમ મિત્ર પાર્ક સાઇટ્સની જાહેરાત

પીએમ મિત્ર પાર્ક તમિલનાડુ, તેલંગાણા, ગુજરાત, કર્ણાટક, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રમાં બનશે

લગભગ રૂ. ૭૦,૦૦૦ કરોડનું રોકાણ અને ૨૦ લાખ રોજગાર સર્જનની કલ્પના કરવામાં આવી છે

વિશ્વ કક્ષાનું ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અત્યાધુનિક ટેકનોલોજીને આકર્ષિત કરશે અને આ ક્ષેત્રમાં એફડીઆઈ અને સ્થાનિક રોકાણને વેગ આપશે.

કમલમ્ ન્યુઝ,

ભારત સરકારે આજે ટેકસટાઈલ ઉદ્યોગ માટે 7 PM મેગા ઈન્ટિગ્રેટેડ ટેકસટાઈલ રિજિયન્સ અને એપેરલ (PM MITRA) પાર્ક સ્થાપવા માટેની સાઈટ્સની જાહેરાત કરી છે. આ પાર્ક તમિલનાડુ, તેલંગાણા, ગુજરાત, કર્ણાટક,મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રમાં બનશે. માનનીય પ્રધાનમંત્રીના 5F વિઝન (એટલે કે ફાર્મથી ફાઈબર થી ફેક્ટરીથી ફેશનથી ફોરેન સુધી)થી પ્રેરિત PM મિત્ર પાર્ક એ ભારતને કાપડ ઉત્પાદન અને નિકાસ માટે વૈશ્વિક હબ બનાવવાના સરકારના વિઝનને સાકાર કરવા માટે એક મોટું પગલું છે. એવી આશા રાખવામાં આવે છે કે આ પાર્કસ કાપડ ઉદ્યોગની સ્પર્ધાત્મકતા વધારશે અને તેને મોટાપાયે અર્થતંત્ર હાંસલ કરવામાં મદદ કરશે તેમજ વૈશ્વિક ખેલાડીઓને ભારતમાં ઉત્પાદન કરવા આકર્ષિત કરશે. PM મિત્ર પાર્ક માટે ૧૮ દરખાસ્તોમાંથી આ ૭ સ્થળોની પસંદગી કરવામાં આવી હતી જે ૧૩ રાજ્યોમાંથી પ્રાપ્ત થઈ હતી. કનેક્ટિવિટી, હાલની ઈકોસિસ્ટમ, ટેકસટાઈલ/ઉદ્યોગનીતિ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઉપયોગિતા સેવાઓ વગેરે જેવા વિવિધ પરિબળોને ધ્યાનમાં રાખીને ઉદ્દેશ્ય માપદંડોના આધારે પારદર્શક પડકાર પદ્ધતિનો ઉપયોગ કરીને પાત્ર રાજ્યો અને સાઈટ્સનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. PM ગતિ શક્તિ- રાષ્ટ્રીય માસ્ટર પ્લાન ફોર બહુવિધ મોડલ કનેક્ટિવિટીનો પણ માન્યતા માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો. ર મિત્રપાર્કસ વિશ્વ સ્તરીય ઔદ્યોગિક માળખાના નિર્માણમાં મદદ કરશે જે વિદેશી પ્રત્યક્ષ રોકાણ (FDI) સહિત મોટા પાયે રોકાણ આકર્ષિત કરશે અને તેને ક્ષેત્રમાં નવીનતા અને રોજગાર સર્જનને પ્રોત્સાહિત કરશે. આ પ્રોજેક્ટ સના અમલીકરણની દેખરેખ કાપડ મંત્રાલય કરશે. દરેક પાર્ક માટે કેન્દ્ર અને રાજ્ય સરકારની માલિકીની SPV ની સ્થાપના કરવામાં આવશે જે પ્રોજેકટના અમલીકરણની દેખરેખ રાખશે. કાપડ મંત્રાલય પાર્ક એસપીવીને પાર્ક દીઠ રૂ. ૫૦૦ કરોડ સુધીના વિકાસ મૂડી સહાયના સ્વરૂપમાં નાણાકીય સહાય પૂરી પાડશે. PM મિત્ર પાર્કમાં એકમોને પ્રતિ પાર્ક રૂ. ૩૦૦ કરોડ સુધીની સ્પર્ધાત્મક પ્રોત્સાહન સહાય (CIS) પણ ઝડપી અમલીકરણને પ્રોત્સાહન આપવા માટે પ્રદાન કરવામાં આવશે. માસ્ટર ડેવલપર અને રોકાણકાર એકમોને વધારાના પ્રોત્સાહનો સુનિશ્ચિત કરવા માટે અન્ય GOI યોજનાઓ સાથે કન્વર્જન્સની પણ સુવિધા કરવામાં આવશે. રાજ્ય સરકારો ઓછામાં ઓછી ૧૦૦૦ એકર જમીનનું સંલગ્ન અને બોજમુક્ત જમીન પ્રદાનકરશેઅનેતમામઉપયોગિતાઓની જોગવાઈ, વિશ્વસનીય વીજ પુરવઠો અને પાણીની ઉપલબ્ધતા અને વેસ્ટ વોટર ડિસ્પોઝલ સિસ્ટમ, એક અસરકારક સિંગલ વિન્ડો ક્લિયરન્સ તેમજ અનુકૂળ. સ્થિર ઔદ્યોગિક/ટેક્ષટાઈલ નીતિ આપશે. પાર્કસ ઉદ્યોગ માટે ઉત્તમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પ્લાગ અને પ્લે સુવિધાઓ તેમજ તાલીમ અને સંશોધન સુવિધાઓ પ્રદાન કરશે. PM મિત્ર પાર્ક એક અનોખા મોડલનું પ્રતિનિધિત્વ કરે છે જ્યાં કેન્દ્ર અને રાજ્ય સરકારો રોકાણ વધારવા, નવીનતાને પ્રોત્સાહન આપવા, રોજગારીની તકો ઊભી કરવા અને આખરે ભારતને કાપડ ઉત્પાદન અને નિકાસ માટે વૈશ્વિક હબ બનાવવા માટે સાથે મળીને કામ કરશે. લગભગ રૂ. ૭૦,૦૦૦ કરોડનું આ પાર્કસદ્વારા રોકાણ અને ૨૦ લાખ રોજગાર સર્જનની કલ્પના કરવામાં આવી છે.

'સાગર પરિક્રમા તબક્કો ચોથો' શરૂ થશે

સાગર પરિક્રમા એ એક પહેલ છે જેનો હેતુ માછીમારો અને અન્ય હિસ્સેદારોના પ્રશ્નોના ઉકેલ માટે અને ભારત સરકાર દ્વારા અમલી વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો દ્વારા તેમના આર્થિક ઉત્થાનને સરળ બનાવવાનો છે.

કમલમ્ ન્યુઝ,

૧૮મી માર્ચ ૨૦૨૩ના રોજ ઉત્તર કન્નડ અને ૧૯મી માર્ચ ૨૦૨૩ના રોજ ઉડુપી અને ત્યાર બાદ દક્ષિણ કન્નડ સુધી બે દિવસ સુધી કર્ણાટકમાં 'સાગર પરિક્રમા તબક્કો-IV' યાત્રા ચાલુ રહેશે. કાર્યક્રમ દરમિયાન, પ્રગતિશીલ માછીમારોને પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના, KCC અનેરાજ્ય યોજના સંબંધિત પ્રમાણપત્રો/ મંજૂરીઓ એનાયત કરવામાં આવશે. યોજનાઓના વ્યાપક પ્રચાર માટે PMMSY યોજના, રાજ્ય યોજનાઓ, ઈ-શ્રમ, FIDF, KCC વગેરે પરનું સાહિત્ય પ્રિન્ટ મીડિયા, ઈલેક્ટ્રોનિક મીડિયા, વીડિયો, ડિજિટલ ઝુંબેશ દ્વારા માછીમારોમાં જિંગલ્સ દ્વારા લોકપ્રિય કરવામાં આવશે. કન્નડમાં સાગર પરિક્રમા પર ગીત લોન્ચ કરવામાં આવશે આ પ્રવાસમાં રાજ્યના મત્સ્યોદ્યોગ અધિકારીઓ, માછીમારોના પ્રતિનિધિઓ, માછલી-ખેડૂતો, ઉદ્યોગસાહસિકો, હિતધારકો, વ્યાવસાયિકો, અધિકારીઓ અને દેશભરના વૈજ્ઞાનિકો સાથે હશે. કર્ણાટક રાજ્યમાં 'સાગર પરિક્રમા'નો તબક્કો-IV બે દિવસ સુધી ચાલશે; ૧૮મી માર્ચ ૨૦૨૩ના રોજ ઉત્તર કન્નડ અને ૧૯મી માર્ચ ૨૦૨૩ના રોજ ઉડુપી અને ત્યારબાદ દક્ષિણ કન્નડના વિસ્તારને આવરી લેશે. તમામ ૩ સ્થાનોને આવરી લેવાશે. કેન્દ્રીય મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી શ્રી પરષોત્તમ રૂપાલા, મત્સ્યોદ્યોગ, ડેરી અને પશુપાલન અને ડેરી રાજ્ય મંત્રી, ડૉ. સંજીવ કુમાર બાલ્યાન, મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી અને માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી, ડૉ. એલ. મુરુગન, કેન્દ્રીય કૃષિ રાજ્ય મંત્રી, મત્સ્ય બંદરો અને આંતરિક જળ પરિવહન મંત્રી, કર્ણાટક સરકાર, શ્રમ મંત્રી, કર્ણાટક સરકાર, સમાજ કલ્યાણ અને પછાત વર્ગ કલ્યાણ મંત્રી, કર્ણાટક સરકાર, જિલ્લામાં - પ્રભારી મંત્રી, કન્નડ, પ્રમુખ સિટી મ્યુનિસિપલ કાઉન્સિલ, કારવાર, પ્રમુખ ઉત્તારા કન્નડ ડિસ્ટ્રિક્ટ ફિશ માર્કેટિંગ ફેડરેશન, કારવાર, અધ્યક્ષ કર્ણાટક સ્ટેટ વેસ્ટર્ન કન્ઝર્વેશન ટાસ્ક ફોર્સ, બેંગલુરુ, વિધાનસભાના સ્પીકર્સ અને સભ્યો, વિધાન પરિષદના સભ્ય અને સંસદ સભ્ય, શ્રી જતીન્દ્ર નાથ સ્વેન, IAS, સચિવ, ફિશરીઝ, ભારત સરકાર. ડો. જે. બાલાજી, આઈએએસ જોઈન્ટ સેક્રેટરી, ફિશરીઝ, ભારત સરકાર, શ્રીમતી સલમા કે. ફહલ્મ, આઈએએસ સેક્રેટરી, પશુપાલન અને મત્સ્યોદ્યોગ, કર્ણાટક સરકાર અને મત્સ્યોદ્યોગ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ, ભારત સરકાર, રાષ્ટ્રીય મત્સ્ય વિકાસ બોર્ડ, ફિશરીઝ ડિરેક્ટર, કર્ણાટક સરકાર, ભારતીય કોસ્ટ ગાર્ડ, ફિશરીશ સર્વે ઓફ ઈન્ડિયા, કર્ણાટક મેરીટાઈમ બોર્ડ અને માછીમારોના પ્રતિનિધિઓ આ કાર્યક્રમમાં ભાગ લેશે. આ પ્રવાસમાં રાજ્યના મત્સ્યોદ્યોગ અધિકારીઓ, માછીમારોના પ્રતિનિધિઓ, માછલી-ખેડૂતો, ઉદ્યોગસાહસિકો, હિતધારકો, વ્યાવસાયિકો, અધિકારીઓ અને સમગ્ર દેશમાંથી વૈજ્ઞાનિકો સાથે હશે. કાર્યક્રમ દરમિયાન, પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના, KCC અનેરાજ્ય યોજના સંબંધિત પ્રમાણપત્રો/ મંજૂરીઓ પ્રગતિશીલ માછીમારાને, ખાસ કરીને દરિયાકાંઠા ના માછીમારો, માછીમારો અને માછલી ખેડૂતો, યુવા મત્સ્ય ઉદ્યોગ સાહસિકો વગેરેને એનાયત કરવામાં આવશે. PMMSY યોજના, રાજ્ય યોજનાઓ, ઈ-યોજનાઓના વ્યાપક પ્રચાર માટે શ્રમ, એફઆઈડીએફ, કેસીસી વગેરેને પ્રિન્ટ મીડિયા, ઈલેક્ટ્રોનિક મીડિયા, વીડિયો, ડિજિટલ ઝુંબેશ દ્વારા માછીમારોમાં જિંગલ્સ દ્વારા લોકપ્રિય બનાવાશે. કન્નડમાં સાગર પરિક્રમા પર એક ગીત પણ લોન્ચ કરવામાં આવશે. સાગર પરિક્રમા દેશના દરિયાકાંઠાના સમુદાયના લોકો ખાસ કરીને દરિયાઈ માછીમારોના જીવનની ગુણવત્તા અને આર્થિક સુખાકારીમાં સુધારો કરવા માટે સરકારને વધુ સારી નીતિ ઘડવામાં સક્ષમ બનાવશે. સાગર પરિક્રમાની યાત્રા રાષ્ટ્રની ખાદ્ય સુરક્ષા અને દરિયાકાંઠાના માછીમાર સમુદાયોની આજીવિકા અને દરિયાઈ જીવસૃષ્ટિની સુરક્ષા માટે દરિયાઈ માછીમારીના સંસાધનોના ઉપયોગ વચ્ચેના ટકાઉ સંતુલન પર ધ્યાન કેન્દ્રીત કરશે, જેથી માછીમાર સમુદાયોના વિવિધ અંતરને દૂર કરવા, માછીમારીના વિકાસ માટે, ઈકોસિસ્ટમ અભિગમ દ્વારા ટકાઉ અને જવાબદાર વિકાસ સુનિશ્ચિત કરવા માટે ગામડાઓ, અપગ્રેડેશન અને ફિશિંગ બંદરો અને ફિશ લેન્ડિંગ કેન્દ્રો જેવા માળખાકીય સુવિધાઓનું નિર્માણ કરી શકાય. કર્ણાટક રાજ્યમાં ૫.૭૪ લાખ હેક્ટર તાજા પાણીના સ્ત્રોત છે જેમાં ૩.૦૨ લાખ હેક્ટરનો સમાવેશ થાય છે. તળાવો અને ટાંકીઓ, ૨.૭૨ લાખ હેક્ટર જળાશયો, ૮,૦૦૦ હેક્ટર ખારા પાણીના સંસાધનો અને ૨૭,૦૦૦ ચો. કિમી. કર્ણાટકના દરિયાકાંઠાના જિલ્લાઓ, દક્ષિણ કન્નડ એકલા કુલ કેચમાં ૪૦% ફાળો આપે છે, ત્યારબાદ ઉત્તર કન્નડ (૩૧%) અને ઉડુપી (૨૯%) આવે છે. દક્ષિણ કન્નડ અને ઉડુપી જિલ્લામાં અનુક્રમે મેંગલુરુ અને માલપે માછીમારીના બંદરો મુખ્ય યોગદાનકર્તા છે. રાજ્યમાં ૯.૮૪ લાખ માછીમારો અને ૭૨૯ માછીમાર સહકારી મંડળીઓ (૧૩૨- દરિયાઈ અને ૫૯૭- આંતરદેશીય) છે. રાજ્યના મત્સ્ય ઉત્પાદને વર્ષ ૨૦૨૧-૨૨ માટે ભારતના કુલ માછલી ઉત્પાદનમાં લગભગ ૬.૬% યોગદાન આપ્યું છે અને કુલ માછલી ઉત્પાદનમાં ૩જું સ્થાન, દરિયાઈ માછલી ઉત્પાદનમાં ૫મું સ્થાન અને આંતરદેશીય માછલી ઉત્પાદનમાં ૭મું સ્થાન ધરાવે છે. રાજ્યમાં માથાદીઠ માછલીનો વપરાશ આશરે ૮.૦૮ કિલોગ્રામ છે. ૨૦૧૧-૧૨ દરમિયાન વર્તમાન ભાવે જીએસડીપીમાં મત્સ્યોદ્યોગ ક્ષેત્રનું યોગદાન રૂ. ૨,૭૨૩ કરોડ હતી અને તે વધીને રૂ. ૨૦૨૦-૨૧માં ૭,૮૨૭ કરોડ. ૨૦૨૧-૨૨ દરમિયાન કર્ણાટકમાંથી દરિયાઈ ઉત્પાદનોનું નિકાસ મૂલ્ય રૂ. ૧,૯૬૨.૧૯ કરોડનું ૧,૨૦,૪૨૭ MT હતું. સાગર પરિક્રમા એ આપણા મહાન સ્વાતંત્ર્ય સેનાનીઓ, ખલાસીઓ અને માછીમારોને સલામ કરતા ૭૫મા આઝાદી કા અમૃત મહોત્સવની ભાવના તરીકે તમામ માછીમારો અને સંબંધિત હિતધારકો સાથે એકતા દર્શાવતી દરિયાકાંઠાના પટ્ટામાં સમુદ્રમાં પરિકલ્પના કરાયેલ એક ઉત્ક્રાંતિ પ્રવાસ છે. તે ભારત સરકાર દ્વારા એક પહેલ છે, જેનો હેતુ માછીમારો અને અન્ય હિસ્સેદારોના પ્રશ્નોને ઉકેલવા અને ભારત સરકાર દ્વારા લાગુ કરવામાં આવી રહેલી વિવિધ મત્સ્યોદ્યોગ યોજનાઓ અને કાર્યક્રમો જેમ કે માછીમારી માટે PMMSY, FIDF અને KCC વગેરે દ્વારા તેમના આર્થિક ઉત્થાનને સરળ બનાવવાનો છે. ગ્રામીણ વિસ્તારોમાં લોકોના જીવનની ગુણવત્તા અને આર્થિક સુખાકારીમાં સુધારો કરવા અને આજીવિકાની વધુ તકો ઊભી કરવા માટે, ભારત સરકાર દ્વારાસસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDGs)ને પહોંચી વળવા સર્વગ્રાહી અભિગમ અપનાવવામાં આવ્યો છે. આવો જ એક કાર્યક્રમ છે સાગર પરિક્રમા જે ગુજરાત, દીવ અને દમણથી શરૂ થઈ અને મહારાષ્ટ્ર રાજ્યમાં પૂર્ણ થઈ ગઈ. બાકીના રાજ્યોમાં ગોવા, કર્ણાટક, કેરળ, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, ઓડિશા, પશ્ચિમ બંગાળ, આંદામાન અને નિકોબાર અને લક્ષદ્વીપ ટાપુઓ વગેરે સ્થળોએ દરિયાકાંઠાના માછીમાર લોકોની સમસ્યાઓ જાણવા માટે આ સ્થળોએ માછીમારો, માછીમાર સમુદાયો અને હિતધારકો સાથે વાર્તાલાપ કાર્યક્રમ રાખવાનો ઉદ્દેશ્ય છે. "સાગર પરિક્રમા"ની સફર ૫મી માર્ચ ૨૦૨૨ના રોજ "ક્રાંતિ સે શાંતિ"ની થીમ સાથે તબક્કો-૧ તરીકે ગુજરાતના માંડવી (શ્યામજી કૃષ્ણ વર્માનું સ્મારક)થી ઓખા-દ્વારકા સુધી શરૂ થઈ અને ૬મી માર્ચ ૨૦૨૨ના રોજ પોરબંદર ખાતે પૂર્ણ થઈ. ૩ સ્થાનોને આવરી લેવાયા. ૫,૦૦૦થી વધુ લોકોએ શારીરિક રીતે હાજરી આપી હતી અને લગભગ ૧૦,૦૦૦ લોકોએ વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ જેમ કે યુટ્યુબ અને ફેસબુક દ્વારા લાઈવ પ્રોગ્રામમાં હાજરી આપી હતી તે સાથે આ કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો હતો. ૨૩ થી ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૨ સુધીના તબક્કા-૨ કાર્યક્રમમાં માંગરોળ, વેરાવળ, દીવ, જાફરાબાદ, સુરત, દમણ અને વલસાડના ૭ સ્થળોને આવરી લેવામાં આવ્યા હતા અને દરિયાકાંઠાના માછીમારોની સમસ્યાઓ જાણવા માટે માછીમારો સાથે વાર્તાલાપ કર્યો હતો. ગુજરાતી ભાષામાં સાગર પરિક્રમા પર એક ગીત લોન્ચ કરવામાં આવ્યું હતું. ૨૦,૦૦૦થી વધુ લોકોએ આ કાર્યક્રમમાં શારીરિક રીતે હાજરી આપી હતી અને કાર્યક્રમનું લાઈવ-સ્ટ્રીમિંગ વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ જેમ કે YouTube, Facebook પર લગભગ ૧૫,૦૦૦ લોકોએ જોયું હતું. તબક્કો-III 'સાગર પરિક્રમા' ૧૯મી ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ સુરત હજીરા બંદર, ગુજરાતથી શરૂ કરવામાં આવી હતી અને તેમાં ઉત્તર મહારાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોને આવરી લેવાયા હતા ૫ સ્થાનો એટલે કે સાતપાટી (જિલ્લો પાલઘર), વસઈ, વર્સોવા, ન્યુ ફેરી વ્હાર્ફ (ભૌચા ધક્કા) અને સાસન ડોક, અને ૨૦-૨૧ ફેબ્રુઆરી ૨૦૨૩ દરમિયાન મુંબઈના અન્ય વિસ્તારો આવરી લેવાયા હતા. આ કાર્યક્રમ સફળ રહ્યો હતો અને ૧૩૫૦૦થી વધુ લોકોએ તેમાં પ્રત્યક્ષ હાજરી આપી હતી. આ ઈવેન્ટ વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ જેમ કે YouTube, Facebook પર લાઈવ-સ્ટ્રીમ કરવામાં આવી હતી અને લગભગ ૧૦૦૦૦ લોકોએ નિહાળી હતી. પરિક્રમા ૧૫ના ત્રણ તબક્કા દરમિયાન, ગુજરાત, મહારાષ્ટ્ર અને દીવ અને દમણ યુટી રાજ્યોમાં સ્થાનોને આવરી લેવામાં આવ્યા હતા. સ્વસ્થ મહાસાગરો અને સમુદ્રો પૃથ્વી પર માનવ અસ્તિત્વ અને જીવન માટે જરૂરી છે. તેઓ ગ્રહના ૭૦ ટકા ભાગને આવરી લે છે અને ખોરાક, ઊર્જા અને પાણી પ્રદાન કરે છે. તેઓ આજીવિકા, આબોહવા પરિવર્તન, વાણિજ્ય અને સુરક્ષા જેવા ઉભરતા જટિલ અને એકબીજા સાથે જોડાયેલા વિકાસના મુદ્દાઓ માટે એક વિશાળ ક્ષેત્ર પ્રદાન કરે છે. આબોહવા પરિવર્તનને ઘટાડવા અને તેની અસરોને સુધારવામાં મહાસાગરો મુખ્ય ભૂમિકા ભજવે છે. હિંદ મહાસાગર તેના દરિયાકાંઠાનારાજ્યોનીઅર્થવ્યવસ્થા, સુરક્ષા અને આજીવિકા માટે મહત્વપૂર્ણ છે. દેશ પાસે ૮,૧૧૮ કિમીનો દરિયાકિનારો છે, જે ૯ દરિયાઈ રાજ્યો અને ૪ કેન્દ્રશાસિત પ્રદેશોને આવરી લે છે અને ૨.૮ મિલિયન માછીમાર લોકોને આજીવિકા સહાય પૂરી પાડે છે. ભારત માછલી ઉત્પાદનમાં વૈશ્વિક હિસ્સાનો ૮% ફાળો આપે છે અને વિશ્વમાં ત્રીજા સૌથી મોટા માછલી ઉત્પાદક તરીકે સ્થાન ધરાવે છે. દેશનું કુલ મત્સ્ય ઉત્પાદન ૧૬૨.૪૮ લાખ ટન છે, જેમાંથી ૧૨૧.૨૧ લાખ ટન અંતરિયાળ અને ૪૧.૨૭ લાખ ટન દરિયાઈ ઉત્પાદન છે. ૨૦૨૧-૨૨માં ફિશરીઝનિકાસનુંમૂલ્ય૫૭,૫૮૬.૪૮ કરોડ રૂપિયા હતું. આ ક્ષેત્ર કૃષિ જીડીપીમાં ૬.૭૨૪% હિસ્સો ધરાવતા GVA માં સ્થિર વૃદ્ધિ દર દર્શાવે છે અને કૃષિ નિકાસમાં લગભગ ૧૭% યોગદાન આપે છે. ભારતમાં,સામાન્ય રીતેમત્સ્ય ઉદ્યોગ એ ઓપન એક્સેસ ફિશરી છે, જે સરકાર દ્વારા વર્ષોથી રજૂ કરાયેલા વિવિધકાયદાઓ અને નિયમનકારી પગલાં દ્વારા સંચાલિત થાય છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશા દર્શનમાં માધવપુર નો મેળો એક ભારત શ્રેષ્ઠ ભારતનું પ્રતીક બન્યું છે

ઉત્તર પૂર્વ પ્રદેશની રાજકુમારી રૂક્ષ્મણીનું શ્રી કૃષ્ણએ હરણ કર્યું અને ગુજરાતના માધવપુરમાં આવી લગ્ન કર્યા તેની યાદમાં દર વર્ષે રામ નવમી થી ચૈત્ર સુદ તેરસ પાંચ દિવસનો લોકમેળો ભરાય છે

કમલમ્ ન્યુઝ,પોરબંદર

કયા સૌરાષ્ટ્રનું દરિયાકાંઠાનું માધવપુર અને કયા માધવપુરથી ૩૦૦૦ કિમી જેટલા દૂર ઉત્તર પૂર્વના રાજ્યો છતાં બંને પ્રદેશ વચ્ચે એવો ઊંડો નાતો કે જે યુગોથી લોકોના હૃદયમાં છે. આ નાતો વર્ષોથી ભારત વર્ષની બે સંસ્કૃતિની મિશાલ બનીને પ્રજલવિત રહ્યો છે અને તેના મૂળમાં છે ભગવાન શ્રી કૃષ્ણ અને રુકમણીના વિવાહ. પૌરાણિક કથાઓ સાહિત્યક ઉલ્લેખો અનુસાર ભગવાન શ્રીકૃષ્ણના લગ્ન માધવપુરમાં થયા હતા. આ વિવાહની યાદમાં વર્ષોથી- યુગોથી માધવપુર ઘેડમાં પાંચ દિવસનો મેળો ભરાય છે. જે હવે છેલ્લા ત્રણ વખતથી એક ભારત શ્રેષ્ઠ ભારતનું પ્રતીક બન્યો છે. મેળામાં ઉત્તર પૂર્વના લોકો, અગ્રણીઓ અને કલાકારો માધવપુરમાં આવીને કલાનું કૌશલ્ય અને વિચારોનું આદાન પ્રદાન કરે છે અને સૌરાષ્ટ્રના ઘેડ પ્રદેશની સંસ્કૃતિને નિહાળે છે. ભગવાન શ્રી કૃષ્ણનું માધવરાયજી નું સ્વરૂપ અને રુકમણી જેની પૌરાણિક મૂર્તિ ..આ બધું સૈકાઓ સુધી દરિયામાં રહ્યું અને ૧૭મી સદીમાં દરિયામાંથી મંદિર મળતા ભગવાનના નાના સ્વરૂપો કે જેની પધરામણી માધવરાયજીના મંદિરમાં થાય છે તેની લગ્ન વિધિ પણ ભાવિકો નીહાળી ભાવવિભોર બને છે. માધવપુર નો મેળો રામનવમી ચૈત્ર સુદ નોમ થી શરૂ થાય છે અને ભગવાનના લગ્ન ચૈત્ર સુદ બારસના રોજ થયાં હતાં તેટલે તે દિવસે લગ્ન થાય છે. રાત્રિના લગ્ન હોવાથી માધવરાય મધુવનમાં રાતવાસો કરે છે. તેરસના દિવસે ભગવાન રૂક્ષ્મણી સાથે નગર યાત્રા કરી નીજ મંદિર પધરામણી કરે છે. ભગવાનની પરણીને આવતી જાન જોવી એ ભાવિકો માટે એક લહાવો હોય છે .મધુવન જ નહીં પણ માધવપુરની બજારો ગલીઓ અબીલ ગુલાલની છોળોથી ઉભરી આવતા જ્યાં નજર નાખો ત્યાં ગુલાબી રંગની ચાદર જેવા દ્રશ્યો જોવા મળે છે. આ સાથે મેળો પૂર્ણ થાય છે. આ રીતે માધવપુર ઘેડનો મેળો ભારતની ઉત્તર પૂર્વ અને પશ્ચિમ સંસ્કૃતિને એક તાંતણે બાંધે છે.

રુક્ષ્મણી હરણ એક કથા

મહાભારતમાં રુકમણી હરણનો એક પ્રસંગ આવે છે. શાસ્ત્રો અને ગ્રંથોમાં ઉલ્લેખ અને કથા છે કે વિદર્ભ વિસ્તાર એટલે કે હાલના ઉત્તર પૂર્વ પ્રદેશના રાજા ભીસમાક ની પુત્રી રુક્ષ્મણી ને ભગવાન શ્રીકૃષ્ણ સાથે લગ્ન કરવા હતા. રુક્ષ્મણીનો ભાઈ રુકમણીઓ તેનો વિરોધ કરે છે અને શિશુપાલ સાથે લગ્ન કરવાનો નક્કી થાય છે. રુકમણી આ વાત સાંભળતા વિલાપ કરી ચિંતાતુર બની કૃષ્ણને દ્વારકા બ્રાહ્મણ મારફત સંદેશો મોકલાવે છે. આ સંદેશો માધવપુર માં લગ્ન ગીત તરીકે પ્રચલિત બન્યો છે. રુક્ષ્મણી નો પત્ર પણ પ્રચલિત છે. સમાચાર સાંભળીને શ્રી કૃષ્ણ રુક્ષ્મણી સાથે લગ્ન કરવામાટે જાય છે. રુકમૈયાને હરાવી શ્રીકૃષ્ણ રુક્ષ્મણીનું હરણ કરી દ્વારકા લઈ જતી વખતે રસ્તામાં માધુપુર ઘેડ ખાતે ભગવાન શ્રીકૃષ્ણ અને રુક્ષ્મણી માતા ના લગ્ન થાય છે. એક કથા એવી પણ છે કે ભગવાન શ્રીકૃષ્ણને કુવારી ભૂમિ પર લગ્ન કરવા હતા અને દરિયા દેવે અહીં જગ્યા કરી આપી. માધવપુરના દરિયામાંથી મળ્યું છે ૧૧મી સદીનું વિષ્ણુ મંદિર માધવપુરનું જેટલું પૌરાણિક મહત્વ છે એટલુ જ મહત્વ પૌરાણિક અવશેષોની દ્રષ્ટિએ પણ છે. માધવપુર કેટલું જૂનું છે તે અંગે અભ્યાસો ચાલી રહ્યા છે પરંતુ પોરબંદરના ખૂબ અભ્યાસુ એવા ઈતિહાસવીદ નરોતમભાઈ પલાણ કહે છે કે માધવપુરના સાહિત્યિક અને પૌરાણિક અવશેષો ના પુરાવાઓ આપણને મળે છે. પૌરાણિક ગ્રંથોમાં પ્રભાસ એટલે કે હાલનું સોમનાથ અને દ્વારકા વચ્ચે માધવ તીર્થની વાત આવે છે તે માધવપુર. તેઓ વધુમાં આગળ કહે છે કે માધવપુર ના જૂનામાં જૂના અવશેષો કે જે ૧૫૦૦ થી ૨૦૦૦ વર્ષ જૂના છે તે માધવપુરમાં હાલ હયાત છે. માધવપુર ની વાત વિષ્ણુ અવતાર સાથે પણ સાંભળવા મળે છે એટલે સમય જતા માધવપુર ની મુલાકાત અનેક ઋષિમુનિઓ અને સંતોએ કરેલી છે. મહાપ્રભુ વલ્લભાચાર્ય, રામાનુજાચાર્ય, ગુરુ ગોરખનાથ સાથે સંકળાયેલા પૌરાણિક પવિત્ર સ્થળો પણ માધવપુર માં છે.

૧૭મી સદીમાં પોરબંદરના મહારાણીએ બાંધ્યું નવું મંદિર

દરિયામાંથી મળેલું ૧૧મી સદીનું મંદિર બહુ જર્જરીત થઈ જતા ૧૭મી સદીમાં પોરબંદરના મહારાણી રૂપાળીબા એ માધવરાયજી નું નવું મંદિર બંધાવી આપ્યું હતું અને તેનો શિલાલેખ પણ અહીં જોવા મળે છે. જૂના મંદિરમાંથી માધવરાયજી અને ત્રિકમરાયજીની મૂર્તિઓ નવા મંદિરમાં પધરાવવામાં આવી હતી. આ મૂર્તિઓ દુર્લભ અને દિવ્ય છે. ભગવાનના ત્રણ હાથ ઉપર અને એક હાથ નીચે છે. આવી મૂર્તિ બીજે ક્યાંય નથી એવી વૈષ્ણવ ભક્તોને શ્રદ્ધા છે.

માધવપુરના મધુવનમાં ભગવાને લગ્ન કર્યા તે મધુવનનું નામ કેમ પડ્યું?

ગ્રંથોમાં જેનો ઉલ્લેખ અને એ જ સ્થળે તેના પૌરાણિક અવશેષો મળે ત્યારે શ્રદ્ધાળુઓની આસ્થા નું સાંસ્કૃતિક કેન્દ્ર જે તે સ્થળ બની જતુ હોય છે. આવું માધવપુરનું છે. ભગવાન શ્રી વિષ્ણુએ ગદાથી મધુ નામના રાક્ષસનો વધ કર્યો હતો તેવો ગ્રંથોમાં ઉલ્લેખ છે. મધુ નો વધ કર્યા પછી ભગવાને લોહીં વાળી ગદા અહીં આવેલી વાવમાં સાફ કરી હતી અને તેની કથા ગદાવાવ સાથે જોડાયેલી છે .આજે મધુવનમાં ગદાવાવ પણ છે. વિષ્ણુ અવતાર પછી ભગવાન શ્રી કૃષ્ણએ આ જ સ્થળે લગ્ન કર્યા ત્યાં ચોરી માયરા નું પણ સ્થળ છે. રુકમણી માતાની ચરણ પાદુકા અનેપૌરાણિક રુક્ષ્મણી મંદિર અને સાથે સાથે ભગવાનની સાથે આવેલા ઋષિમુનિઓ અહીં રાણના વૃક્ષામાં બિરાજયા તેવી કથાની સાથે અહીં રાયણના વૃક્ષો પણ વર્ષોથી છે .બીજે આટલામાં ક્યાંય નથી.

ભગવાનની કેવી રીતે થાય છે લગ્ન વિધિ ?

માધવપુરનો મેળો રામનવમીના દિવસથી શરૂ થાય છે પરંતુ લગ્નની તૈયારીઓ ૨૫દિવસ અગાઉ શરૂ થઈ જાય છે. કન્યા અને વર બંને પક્ષ દ્વારા લગ્ન લખવાની વિધિ કરવામાં આવે છે અને ૨૫ વાના ના દર વર્ષે ભગવાનના લગ્ન હોય છે. ભગવાનના લગ્ન પૂર્વે મહિલાઓ સત્સંગીઓ લગ્ન ગીત ગાય છે એમાંય શ્ઈ૩૯;રુકમણી લખે કાગળ દ્વારકા ,હું નહીં રે પરણુ શિશુપાલને રે, તેમજ લગ્ન દરમિયાન માધવપુરનો માંડવો, આવી જાદવકુળની જાન, પરણે રાણી રૂક્ષ્મણી, વર વાંછીત શ્રી ભગવાન જેવા લગ્ન ગીતો માધવપુર તેની માધુર્યતામાં વધારો કરે છે. રામ નવમી અને દસમ, અગિયારસના રોજ ભગવાનની વર્ણાગી પણ નીકળે છે. કડછ ગામના લોકો રુકમણી માતાનું મામેરુ ભરવા આવે છે . ભગવાનને જાન જોડવા માટે આમંત્રણ આપવામાં આવે છે. ચૈત્ર સુદ બારસની રાત્રીએ મધુવનમાં ભગવાનના લગ્ન શાસ્ત્રોક્ત પરંપરા મુજબ યોજાય છે અને મોટી સંખ્યામાં લોકો આ લગ્ન ઉત્સવમાં જોડાય છે.

એક ભારત શ્રેષ્ઠ ભારતની થીમ પર સરકાર દ્વારા વિશેષ આયોજન

ઉત્તર પૂર્વ અને ગુજરાત ગુજરાતની સંસ્કૃતિ ને જોડતા આ મેળાને વર્ષ ૨૦૧૮ થી વિશેષ પ્રોત્સાહન આપી બંને વિસ્તારના લોકોના જોડીને ભવ્ય રીતે મેળાની ઉજવણી કરવામાં આવે છે. ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલય ,ઉત્તર પૂર્વયો વિકાસ મંત્રાલય અને ગુજરાત સરકારના સાંસ્કૃતિક વિભાગ તેમ જ પ્રવાસન નિગમ અને સ્થાનિક તંત્રના સંકલનથી શ્રી કૃષ્ણના જીવન આધારિત વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ ઉત્તર પૂર્વ અને ગુજરાતના કલાકારો રંગારંગ કાર્યક્રમમાં રજૂ કરે છે.

વર્ષ ૨૦૨૩ નો માધવપુર નો મેળો

માધવપુરમાં તા. ૩૦ મી માર્ચ ના રોજ સરકાર આયોજિત આ રંગમંચ ત્રણ દિવસ માટે ખુલ્લો મુકાશે. તા.૩૦ મી માર્ચથી તા.૩ માર્ચ સુધી મેળો યોજવાનો છે. લગ્ન કરીને દ્વારકાધીશ અને રુક્ષ્મણી માતા દ્વારકા પધાર્યા હતા ચાલુ વર્ષે પ્રથમ વખત રાજ્ય સરકાર દ્વારા રુકમણી માતાના સ્વાગતનો ભવ્ય કાર્યક્રમ પણ આયોજિત થયો છે. વિવિધ રાજ્યોના કલાકારો ની કારીગરી સાથે હસ્તકલાના સ્ટોલ સાથે સૌરાષ્ટ્રની ટુરીઝમ સર્કિટ અને સ્થાનિક રોજગારીને પ્રોત્સાહન મળે તે માટે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં માધવપુરના મેળાને જોડીને વિવિધ વિસ્તારમાં આર્ટ ગેલેરી હસ્તકલા સાથે રાજ્યના વિવિધ સ્થળોએ વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

કમલમ્ ન્યુઝ,

શહેરની સામાજીક સંસ્થાઓમાં અગ્રેસર મારવાડી યુવા મંચ મુંદરા (પોર્ટ બ્રાન્ચ)ના સંસ્થાપક અધ્યક્ષ સુધેશભાઈ બોલાના અધ્યક્ષ સ્થાને મળેલી બેઠકમાં આવનાર વર્ષ ૨૦૨૩-૨૪ના નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે મુંદરાના જાણીતા ઉદ્યોગપતિ દિનેશ અગ્રવાલ, સચિવપદે રાજકુમાર શર્મા, કોષાધ્યક્ષ પદે પંકજ જૈન, ઉપાધ્યક્ષ પદે જાબરમલજી તથા અશોકભાઈ ડૂડી, સહસચિવ પદે ધર્મેન્દ્રજી અને મીડિયા પ્રભારી તરીકે દુષ્યંતજીની નિમણૂક કરાઈ હતી. મારવાડી યુવા મંચ છેલ્લા બે વર્ષથી મુન્દ્રા વિસ્તારોમાં સામાજીક તેમજ શૈક્ષણિક ક્ષેત્રે ખૂબ જ પ્રશંસનીય કામગીરી કરી રહી છે.

નરોડા-ધનસુરા વાયા દહેગામ તથા હરસોલ રોડને ફોરલેન કરવાની ટેન્ડર પ્રક્રિયા ટૂંક સમયમાં પૂર્ણ કરાશે: મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

કમલમ્ ન્યુઝ,

મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ મુખ્યમંત્રીશ્રીના માર્ગ અને મકાન વિભાગના પ્રત્યુત્તરમાં ગૃહમાં જણાવ્યું હતું કે, રાજ્યના માર્ગ અને મકાન વિભાગ દ્વારા 'રોલરક્રશ બેરિયર ટેકનોલોજી'નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, જે અકસ્માતના કિસ્સામાં નાગરિકોની જાનહાનિ ટાળવા માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. તેમજ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાને જોડતા નરોડા-ધનસુરા વાયા દહેગામ તથા હરસોલ રોડને ફોરલેન કરવા અંગેની વિગતો અંગેના પ્રશ્નના પ્રત્યુત્તરમાં તેમણે ટેન્ડર પ્રક્રિયા ટૂંક સમયમાં પૂર્ણ કરાશે તેમ ગૃહમાં જણાવ્યું હતું. વર્ષ ૨૦૨૨ અંતિતની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાને જોડતા નરોડા-દહેગામ-હરસોલ-ધનસુરા રોડને ચાર માર્ગીય કરવા માટેની કામગીરી હાલમાં ટેન્ડરની પ્રક્રિયા હેઠળ છે, જે ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે. આ રસ્તાની ૩૭.૬૦ કિમી લંબાઈ માટે રૂ. ૨૪૪.૪૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. આ ધોરીમાર્ગના નિર્માણથી થનારા લાભની વિગતો આપતા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, બંને જિલ્લાનાના નાગરિકોને પૂર્વ અમદાવાદ સાથે કનેક્ટિવિટી માટે આ અગત્યના રાજ્યધોરી માર્ગનું ચારમાર્ગીયકરણ થતા ટ્રાફિકનું ભારણ હળવુ થશે, અકસ્માતો ઘટશે અને રસ્તા પર આવેલ ક્વોરી ઉદ્યોગના પરિવહન માટે સુગમતા થશે. તેમજ કોરનેટવર્ક અને યાત્રાધામને જોડતા રસ્તાઓ પૈકી અગત્યનો રસ્તો હોવાથી શામળાજી યાત્રાધામને વધુ સારી કનેક્ટીવીટી પ્રદાન થશે. ઉલ્લેખનીય છે કે, રોડ પર થતા અકસ્માતોને અટકાવવા માટે નવી ટેકનોલોજી રોલરક્રશ બેરિયર અકસ્માતનીયા કિસ્સામાં નાના તેમજ ભારે વાહનોને રોડ સાઈડના ખાડામાં અથવા ઊંડી ખીણમાં ખાબકતા બચાવવા માટે ખૂબ ઉપયોગી છે. રોલર ક્રશ બેરિયર ટેકનોલોજીનાં પગલે અકસ્માતનાં સમયે વાહન બેરિયર સાથે અથડાતા તે ફરીને પાછુ રસ્તા પર આવી જાય છે અથવા રોલર બેરિયર અકસ્માતનાં સમયે વાહનને રસ્તા પર ફેંકી દે છે. જેથી મોટી દુર્ઘટના ટળે છે અને મોટાપાયે જાનહાનિ અટકાવવામાં મદદરૂપ થાય છે. તેમજ આ રોલર ક્રશ બેરિયર રબરનાં હોવાનાં કારણે વાહનને પણ વધારે નુકસાન થવા દેતા નથી.

સુરત જિલ્લા કલેક્ટરશ્રી આયુષ ઓકના અધ્યક્ષસ્થાને પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન(PMSMA)ની કામગીરી અને ગવર્નિંગ બોડી કમિટીની સમીક્ષા બેઠક યોજાઈ

કમલમ્ ન્યુઝ,મયુર પટેલ

જિલ્લા કલેકટરશ્રી આયુષ ઓકના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા આરોગ્ય વિભાગ હેઠળ કાર્યરત પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાનની કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમા PMSMA યોજના અંતર્ગત પી.એચ.સી/સી.એચ.સી માંથી પ્રસૂતા સ્ત્રીઓને બાળક જન્મ પહેલા મળતી આરોગ્યને લગતી સેવાઓ, મમતા દિને યોજાતા જાગૃતિ અભિયાનો, કાઉન્સેલિંગ તેમજ જોખમી ગર્ભાવસ્થાની પૂર્વ ચકાસણી અને યોગ્ય નિદાન જેવી તમામ બાબતોને સંકલિત કરી માતૃમરણની સંખ્યા અને કારણો તેમજ તેના અટકાયતના પગલાં વિષે ચર્ચા કરવામાં આવી. સાથે જ ગતમાસ સુધી બનેલા બાળમરણના કિસ્સાઓ અને તેના કારણો અને અટકાયતના પગલાઓની સમીક્ષા કરી કલેકટરશ્રીએજરૂરી માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લા વિકાસ અધિકારીશ્રી બી. કે. વસાવાએ સ્ જનઆરોગ્ય યોજનામાં થતાં ફ્રોડ અને તેના નિવારણ, લેપ્રેસી, ટી.બી. અને મેલેરિયા જેવા રોગોમાં સારવાર અને અટકાયતના પગલાં તેમજ કુટુંબનિયોજન, કુટુંબ કલ્યાણ, ઈમ્યુનાઈઝેશન, ચક્ષુદાન, એ.એન.સી અને કુપોષણ નાથવાની યોજના સંદર્ભેની કામગીરીની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી અનિલ પટેલ, જિલ્લાઆર.સી.એચ.ઓ ડૉ. પિયુષ શાહ તેમજ તાલુકા હેલ્થ ઓફિસર, સ્ત્રી અને બાળરોગ વિભાગના ડોકટરો તેમજ જિલ્લા આરોગ્ય વિભાગના સ્ટાફગણ હાજર રહ્યા હતા.

૪થી ઈન્ડિયન પ્લેનેટરી સાયન્સ કોન્ફરન્સ (IPSC-2023) 22-24 માર્ચ ૨૦૨૩એ ભૌતિક સંશોધન પ્રયોગશાળા, અમદાવાદ ખાતે યોજાશે

કમલમ્ ન્યુઝ,

ઈન્ડિયન પ્લેનેટરી સાયન્સ એસોસિએશન (IPSA) ૪થી ઈન્ડિયન પ્લેનેટરી સાયન્સ કોન્ફરન્સ (IPSC-2023)નું ભૌતિક સંશોધન પ્રયોગશાળા, અમદાવાદ ખાતે આયોજન કરી રહ્યું છે. ૨૨-૨૪ માર્ચ ૨૦૨૩ દરમિયાન ત્રણ દિવસીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. ભારતમાં ગ્રહ વિજ્ઞાન પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે IPSAની સ્થાપના કરવામાં આવી હતી, જેમાં ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO), DOS દ્વારા ભવિષ્યમાં ચંદ્ર, મંગળ અને શુક્ર અને અન્ય ગ્રહો પરના ગ્રહોના મિશનના સંદર્ભમાં ભારતમાં ખૂબ જ જરૂરી ગ્રહ વિજ્ઞાન સમુદાય બનાવવાનું એક મહત્વપૂર્ણ કાર્ય હતું. IPSA ભારતના વૈજ્ઞાનિકો અને બૌધિકોને પ્રોત્સાહિત કરશે અને તમામ હિતધારકોની ભાગીદારી સાથે લાંબા ગાળાની દ્રષ્ટિ પેદા કરશે. ૨૦૨૦માં દેશમાં તેના પ્રકારના પ્રથમતરીકે શરૂ કરાયેલ, IPSCનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રહ સંશોધકોને તેમની સંશોધન સિદ્ધિઓ રજૂ કરવા અને તેની ચર્ચા કરવા અને ત્યારબાદ ભારત માટે ગ્રહોની શોધખોળ કરવા માટે એક જ પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે. IPSC-2023 કોન્ફરન્સ પહેલાથી જ શરૂ કરાયેલા ભારતીય ગ્રહોના મિશન, તેમાંથી મેળવેલા વિજ્ઞાનની ચર્ચા કરશે અને સાધન વિકાસ અને સંશોધનના સંદર્ભમાં ભવિષ્યના ભારતીય મિશન અને સંબંધિત પડકારો માટે એક માળખું પૂરું પાડશે. પરિષદનો ઉદ્દેશ્ય ગ્રહોની પ્રક્રિયાઓ અને પ્રારંભિક સૌરમંડળ ઉત્ક્રાંતિ સહિત સૌર મંડળમાં વાતાવરણ, સપાટી અને ગ્રહોના શરીરના આંતરિક ભાગ સંબંધિત તાજેતરની પ્રગતિઓ, પરિણામો અને અભ્યાસોને પ્રકાશિત કરવાનો છે. દેશભરની વિવિધ શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓ અને ISRO/DOS કેન્દ્રોમાંથી યુવા સંશોધકો, પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિકો અને એન્જિનિયરોનો સમાવેશ કરતા લગભગ બસો પ્રતિનિધિઓ આ કોન્ફરન્સમાં ભાગ લેશે. શ્રી એસ. સોમનાથ, ISROના અધ્યક્ષ અને DoSના સચિવ, ૨૨ માર્ચે સવારે IPSC-2023નું ઉદ્ઘાટન કરશે અને "અવકાશ અને ગ્રહોની શોધ માટે ભારતીય ક્ષમતાઓ" પર ઉદ્ઘાટન વક્તવ્ય આપશે. શ્રી એ.એસ. કિરણ કુમાર, ભૂતપૂર્વ અધ્યક્ષ ISRO/સચિવ DOS, અને હાલમા PRL કાઉન્સિલ ઑફ મેનેજમેન્ટના અધ્યક્ષ, ઉદ્ઘાટન સમારોહમાં મુખ્ય વક્તવ્ય આપશે. વૈજ્ઞાનિક કાર્યક્રમમાં વિવિધ સત્રોનો સમાવેશ થાય છે, જેમ કે, ચંદ્ર વિજ્ઞાન અને અન્વેષણ, મંગળનું વાતાવરણ અને સપાટીની પ્રક્રિયાઓ, અવકાશ અને ગ્રહોના સાધનો, સૂર્યમંડળની પ્રક્રિયાઓ, ઉલ્કાઓ અને નાના શરીરો, શુક્રીય વાતાવરણ અને સપાટીની પ્રક્રિયાઓ, અને એસ્ટ્રોબાયોલોજી અને એસ્ટ્રોકેમીસ. પમા PRL-IAPT ડૉ. વિક્રમ સારાભાઈ લેક્ચરના ભાગરૂપે ૨૨ માર્ચની સાંજે 6 PM પર જાહેર પ્રવચનનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે ગુજરાત સમગ્ર ભારતનું નેતૃત્વ કરે : રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

કમલમ્ ન્યુઝ,

સમગ્ર ભારતના ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવતા થયા છે, પ્રાકૃતિક કૃષિ માટે નું અભિયાન ગુજરાતમાં અવિરત ચાલી રહ્યું છે ત્યારે ગુજરાત રાજ્ય ભારત દેશનું નેતૃત્વ કરે એમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું. તેમણે કહ્યું કે, ઝેરમુક્ત ખેતી કરવાનો આ સમય છે એટલે પ્રાકૃતિક ખેતીને અનુસરવા રોડ મેપ તૈયાર કરવામાં આવી રહ્યો છે. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ અમરેલી ખાતે ખેડૂતો સાથે પ્રાકૃતિક કૃષિ સંવાદ કર્યો હતો. અમરેલીમાં ખેડુત તાલીમ કેન્દ્ર ખાતે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક કૃષિ અને તેના મહત્વ વિશે કૃષિકારોને માર્ગદર્શન આપ્યું હતું. પ્રાકૃતિક કૃષિ એ જૈવિક કૃષિથી અલગ પ્રકારની ખેતી છે એમ કહીને બન્ને ખેતી પધ્ધતિ વચ્ચેનો ભેદ સમજાવતાં તેમણે કહ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિ એ ગાય આધારિત કૃષિ છે, જેમાં ભારતીય ઓલાદની દેશી ગાયના ગૌ મૂત્ર, ગોબર ઘન થકી જીવામૃત, ઘનામૃત તૈયાર કરીને તેનો ઉપયોગ કરીને ઝીરો ખર્ચે ઉત્પાદન મેળવવામાં આવે છે. પ્રાકૃતિક કૃષિમાં રાસાયણિક ખાતરો કે જંતુનાશક દવાઓના ઉપયોગ વિના માત્ર ગાય આધારિત ખેતી કરવામાં આવે છે. પ્રાકૃતિક ખેતી કરવામાં આવે તો ઓછા ખર્ચે અનેક ફાયદાઓ મળે છે. અળસિયા એ ફુદરતના ખેડૂતો છે જે ની મદદથી ખેતીની જમીનની ફળદુપતા તો વધે જ છે પરંતુ સાથે ખેડૂતોની આવક પણ વધે છે. આજે સમગ્ર વિશ્વમાં પ્રાકૃતિક આપદાઓ વધી રહી છે ઉપરાંત જમીન બિનઉપજાઉ બની રહી છે ત્યારે પર્યાવરણના સંતુલનને જાળવી રાખવામાં પ્રાકૃતિક કૃષિ મદદ કરે છે, ઓછાં ખર્ચે, ઓછાં પાણીએ ઝેરમુક્ત ખેતી થકી ખેડૂતો આર્થિક રીતે સમૃધ્ધ બની શકે છે. રાજ્યપાલશ્રીએ જણાવ્યુ હતુ કે, રાસાયણિક ખાતરોના ઉપયોગ થકી જમીનની ફળદુપતા ઘટી છે, જમીન અને પાણી પ્રદુષિત થયા છે ત્યારે પ્રાકૃતિક કૃષિ અપનાવવાનો સંકલ્પ લઈ ધરતી માતાને ઝેરમુક્ત કરી ધરતી માતા પ્રત્યે નું ઋણ અદા કરીએ અને ભાવિ પેઢીને ઉજ્જવળ ભવિષ્ય આપીએ. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યુ કે, ગુજરાતના ખેડૂતો અથાક પરિશ્રમ કરી રહ્યા છે અને અમરેલી જિલ્લાના ખેડૂતો પણ પ્રાકૃતિક કૃષિ માટે મહત્વનું યોગદાન આપી રહ્યા છે. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ અમરેલી જિલ્લા પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ કાર્યક્રમમાં પ્રાકૃતિક કૃષિ પ્રદર્શનનું ઉદ્દઘાટન કરીને પ્રાકૃતિક કૃષિ પાક-ઉપજો નિહાળી હતી. જિલ્લાના પ્રાકૃતિક કૃષિ અનુસરતા કૃષિકારોએ વિવિધ સ્ટોલ્સના માધ્યમથી પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોનું નિદર્શન કર્યુ હતું. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક ખેતી કરતા ખેડુતો સાથે સંવાદ કર્યો હતો. જિલ્લા કલેકટરશ્રી ગૌરાંગ મકવાણાએ શાબ્દિક સ્વાગત કર્યુ હતું. કલેકટરશ્રીએ અમરેલી જિલ્લાના પ્રાકૃતિક કૃષિ સંબંધિત અભિયાન અને કામગીરી વિશેની વિગતો આપી હતી. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામસભા દરમિયાન ખેડુતોને પ્રાકૃતિક ખેતી અને તે અપનાવવા અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું. વધુમાં તેમણે કહ્યું કે, જિલ્લામાં આશરે ૩૫ હજારથી વધુ ગોધન છે વધુમાં વધુ ખેડુતો ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવે તે માટે જિલ્લા વહીવટી તંત્ર પ્રયત્નશીલ છે. જિલ્લામાં અમૃત આહાર કેન્દ્ર શરુ કરી પ્રાકૃતિક કૃષિ પેદાશો વિશે નાગરિકોને જ્ઞાત કરવામાં આવ્યા હતા. પ્રાકૃતિક કૃષિના પ્રચારક અને હિમાયતી એવા શ્રી પ્રફુલભાઈ સેંજીલીયાએ પ્રાસંગિક પ્રવચન કર્યુ હતું. તેમણે અમરેલી જિલ્લો પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે ખૂબ આગળ આવે તેવી શુભકામનાઓ પાઢવી વધુમાં વધુ ખેડુતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તે માટે અનુરોધ કર્યો હતો. કુંકાવાવ તાલુકાના અમરાપુર ગામના શ્રી ભીખુભાઈ પટોળિયાએ છેલ્લા સાત વર્ષથી પ્રાકૃતિક કૃષિ અપનાવી હોઈ તેમણે તેમના પ્રાકૃતિક કૃષિ સંબંધિત અનુભવો જણાવ્યા હતા. તેમણે પ્રાકૃતિક કૃષિ થકી સવાયું ઉત્પાદન મેળવવા અને ગાય આધારિત ખેતીમાં ગૌમૂત્રના ઉપયોગ વિશે જણાવ્યું હતું. પ્રાકૃતિક કૃષિ અને તેના થકી ઉત્પન્ન થતી કૃષિ પેદાશોના મૂલ્યવર્ધન અને નફાકારક આર્થિક ઉપાર્જન વિશે વિગતે વાત કરી હતી. નાયબ બાગાયત નિયામકશ્રી વાળાએ, પ્રાકૃતિક કૃષિ અને તેના આયામો વિશે જણાવી જિલ્લાની પ્રાકૃતિક કૃષિની સાફલ્ય ગાથાઓ વિશે જણાવ્યું હતું. પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં અમરેલી જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી રેખાબેન મોવલિયા, અમરેલી જિલ્લા વિકાસ અધિકારીશ્રી દિનેશ ગુરવ, જિલ્લા પોલીસ વડાશ્રી હિમકર સિંઘ, આત્મા રાજ્ય નોડલ અધિકારી શ્રી પી.એસ. રબારી, અમરેલી નગરપાલિકા પ્રમુખ શ્રીમતી મનિષાબેન રામાણી, પ્રાંત અધિકારીશ્રી દેસાઈ, બાગાયત, કૃષિ અને આત્મા સહિતના વિવિધ કચેરીઓના વડા, પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ, સંત-મહંતો અને કૃષિકાર ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યપાલશ્રી તથા મહાનુભાવોનું પ્રાકૃતિક કૃષિ પેદાશોથી સ્વાગત કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રકાશ જોષીએ કર્યુ હતુ.

'H3N2 સીઝનલ ફ્લૂ' : સમજદારી, સાવચેતી અને સંભાળ

કમલમ્ ન્યુઝ,

હાલમાં રાજ્યભરમાં વારંવાર બદલાઈ રહેલા હવામાનની ખરાબ અસર લોકોના આરોગ્ય પર જોવા મળી રહી છે. તેમાં સૌથી વધુ કેસો H3N2 ઈન્ફ્લુએન્ઝા ફ્લૂના જોવા મળે છે. તો આવો જાણીએ આ વાઈરસ વિષે, ફ્લૂના લક્ષણો વિશે અને H3N2 ફ્લૂથી બચવા અંગેના ઉપાયો અને કાળજી વિશે.

H3N2 વાઈરસ :-

H3N2 વાઈરસ એક પ્રકારનો ઈન્ફ્લ્યુએન્ઝા વાઈરસ છે. તે ઈન્ફ્લુએન્ઝા છ વાઈરસનો પેટાપ્રકાર છે. આ એક એવો વાયરસ છે જેના લક્ષણોમાં આપમેળે ફેરફાર થાય છે, જેને એન્ટિજેનિક ડ્રિફ્ટ કહેવામાં આવે છે. આ એક શ્વાસ સંબંધિત વાઈરલ ઈન્ફેકશન છે. તેમાં સાવચેતી રાખવી ખૂબ જરૂરી છે. H3N2 ઈન્ફ્લુએન્ઝાને 'હોંગકોંગ ફ્લૂ' પણ કહેવામાં આવે છે.

H3N2 વાઈરલ ઈન્ફેકશન (ઝૅઉદ્રર સીઝનલ ફ્લૂ) કેવી રીતે ફેલાય છે ?

H3N2 ઈન્ફ્લ્યુએન્ઝા વાઈરસ ચેપગ્રસ્ત વ્યક્તિની ઉધરસ અથવા છીંક દ્વારા તંદુરસ્ત વ્યક્તિ સુધી પહોંચે છે. આ વાઈરસ નો ચેપ ખૂબ જ ઝડપથી ફેલાય છે. ઈન્ફ્લુએંઝાથી સંક્રમિત કોઈ વ્યક્તિ જ્યારે ખાંસે કે છીંકે ત્યારે તેના ડ્રોપલેટ હવામાં એક મીટર સુધી ફેલાઈ શકે છે અને જ્યારે કોઈ બીજી વ્યક્તિ શ્વાસ લે તો એ ડ્રોપલેટ તેના શરીરમાં જતા રહે છે અને તેને સંક્રમિત કરી દે છે.

H3N2 વાઈરલ ઈન્ફેકશન (H3N2 સીઝનલ ફ્લૂ)ના લક્ષણો :-

- સતત ઉધરસ, માથાનો દુખાવો, તાવ
- શરદી, વહેતું નાક અને બંધ નાક
- શરીરમાં દુખાવો,
- ઉબકા, ઉલટી અથવા ઝાડા
- ગળામાં દુખાવો અથવા ખરાશ
- થાક
- શ્વાસ લેવામાં તકલીફ અથવા શ્વાસ ફૂલી જવો
- આ રોગની ગંભીર પરિસ્થિતિમાં દર્દીઓને ઓક્સિજનની અને ICU ની જરૂર જણાઈ શકે છે.

H3N2 વાઈરલ ઈન્ફેકશનના લક્ષણોનો સમયગાળો :-

H3N2થી ઈન્ફેકશનનાં લક્ષણો પાંચથી સાત દિવસ સુધી ચાલુ રહી શકે છે. તાવ ત્રણ દિવસ સુધી રહી શકે છે જ્યારે ઉધરસ ત્રણ અઠવાડિયાથી વધુ સમય સુધી રહી શકે છે.

★H3N2 વાઈરલ ઈન્ફેકશનનું નિદાન :- ★

- બ્લડ સેમ્પલ અને અન્ય લેબ ટેસ્ટ
- શ્વાસ લેવામાં તકલીફ, ઓક્સિજન લેવલ ૯૩ની નીચે હોય, છાતી અને પેટમાં દુખાવો મળે તો તુરંત જ હોસ્પિટલમાં દાખલ થવું જોઈએ.

H3N2 વાઈરલ ઈન્ફેકશન અંગે કોણે સૌથી વધુ કાળજી રાખવી જોઈએ ?

- બાળકો અને વૃદ્ધો માટે ઝૅઉદ્રર વાયરસનું જોખમ વધારે છે, કારણ કે તે રોગપ્રતિકારક શક્તિ પર હુમલો કરે છે.
- જે લોકોને અસ્થમા, હૃદયરોગ, ડાયાબિટીસ, કીડની સંબંધિત રોગો હોય તેમજ ડાયાલીસીસ પર રહેલા દર્દીઓ, સ્થૂળતા અને નબળી રોગપ્રતિકારક શક્તિની ફરિયાદ હોય તેવા લોકોને પણ આ ઈન્ફેકશનનું વધુ જોખમ રહેલું છે.
- સગભાં સ્ત્રીઓને પણ આ વાયરસનું જોખમ વધારે રહે છે.
- H3N2 વાઈરલ ઈન્ફેકશન(ઝૅઉદ્રર સીઝનલ ફ્લૂ) નિયંત્રણ માટેના પગલાં :-
- ચેપથી બચવા સાબુ અને પાણીથી હાથ ધોવા,
- જો લક્ષણો હોય તો ફરજીયાત માસ્ક પહેરવું અને ભીડવાળી જગ્યાઓ જવાનું ટાળવું.
- છીંક અને ઉધરસ આવે ત્યારે મોં અને નાક ઢાંકવું,
- સેનિટાઈઝરને સાથે જ રાખવું અને તેનો ઉપયોગ કરવો.
- પુષ્કળ પ્રવાહી પીવું, મહત્તમ પ્રવાહી ખોરાકનો ઉપયોગ કરવા,
- સામાજીક અંતર જાળવવું
- ચેપ ટાળવા માટે વારંવાર ચહેરો-આંખો પર વારંવાર હાથ ન ફેરવો,
- લોકોએ પણ સાવચેતીના ભાગરૂપે માસ્ક પહેરવું જરૂરી છે. ફેસ માસ્ક ફ્લૂના ફેલાવાને અટકાવી શકે છે અને હાનિકારક કણોને શરીરમાં પ્રવેશતા પણ રોકી શકે છે.
- જો તમને આ ફ્લૂ થાય તો તાવ ઓછો થાય તે પછીના ૨૪ કલાક સુધી ઘરમાં જ રહેવું. જેથી અન્ય લોકોમાં પણ આ બિમારીને ફેલાતી રોકી શકાય છે.
- કોઈ સાથે હાથ ન મિલાવવો અથવા અન્ય રીતે સંપર્ક ન કરવો, બીમાર વ્યક્તિના સંપર્કમાં આવવાનું ટાળવું
- જાહેરમાં થૂંકવું નહીં,
- ડૉક્ટરની સલાહ લીધા વિના એન્ટિબાયોટિક્સ અથવા અન્ય દવાઓ ન લેવી,
- એકબીજાની નજીક બેસીને સાથે ભોજન કરવું નહી.

હીટવેવ સંદર્ભે વલસાડ જિલ્લામાં પૂર્વ તૈયારી અને સમીક્ષા બેઠક કલેક્ટરશ્રી ક્ષિપ્રા આગ્રેના અધ્યક્ષસ્થાને યોજાઈ

- **જનસેવા કેન્દ્ર અને સરકારી કચેરીમાં અરજદારોની અવરજવર વધુ હોય ત્યાં ફરજિયાત છાંયડો અને પાણીની વ્યવસ્થા ઉપલબ્ધ કરવા તાકીદ કરાઈ**
- **વીજ પુરવઠો અવસ્થિત ચાલુ રહે તે માટે, વિદ્યાર્થીઓના શાળામાં સમય ફેરફાર, પશુઓ માટે ઘાસચારો અને પાણી અને શ્રમિકો માટે લીંબુપાણી સહિતની સુવિધા અંગે સૂચનો કરાયા**
- **સંબંધિત ખાતાના અધિકારીઓને આગામી સમયમાં કરવાની થતી કામગીરી અંગે પીપીટી દ્વારા સમજ અપાઈ**

કમલમ્ ન્યુઝ,વલસાડ

રાજ્યમાં આગામી સમયમાં હીટવેવની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્યસ્તરે આગોતરું આયોજન કરવા સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે રાહત કમિશનરશ્રીના અધ્યક્ષસ્થાને ગુરૂવાર તા.૧૬ માર્ચ ૨૦૨૩ના રોજ રાજ્યના વિવિધ વિભાગો તેમજ વિવિધ જિલ્લા વહીવટીતંત્ર સાથે વિડિયો કોન્ફરન્સનું આયોજન કરાયું હતું. જેના ઉપલક્ષમાં શુકવારે હીટ વેવ બાબતે વલસાડ જિલ્લાના વિવિધ વિભાગો દ્વારા પૂર્વ તૈયારી અને સમીક્ષા માટે જિલ્લા કલેકટરશ્રી ક્ષિપ્રા આગ્રેના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરીના સભાખંડમાં મહત્વની બેઠક મળી હતી. જેમાં ખાસ કરીને ચાલુ માર્ચ, એપ્રિલ અને મે માસમાં લૂ થી બચવા માટે શું કરવુ અને શું ન કરવું તેના પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો. આ બેઠકમાં માહિતી આપતા જિલ્લા કલેકટરશ્રી ક્ષિપ્રા આગ્રેએ જણાવ્યું કે, દુષ્કાળ અને વરસાદ સહિતની અન્ય કુદરતી આફતોની જેમ ભારત સરકાર દ્વારા હીટવેવને પણ ગંભીરતાથી લઈ, આગોતરા આયોજન નાં પગલાં લેવામાં આવી રહ્યા છે. ત્યારે આ અંગે મુખ્યમંત્રીશ્રી દ્વારા પણ રાજ્યસ્તરે હીટવેવ સંદર્ભે આવશ્યક પગલાં માટે સૂચનાઓ આપવામાં આવી છે. સંભવિત હીટવેવના સમયગાળા દરમિયાન આરોગ્ય વિભાગ દ્વારા હીટવેવ પ્રોટોકોલ તરીકે વિવિધ આરોગ્ય કેન્દ્રોમાં જરૂરી દવાઓ, સાધનો, ડીપ ફ્રીઝર, બરફના પેકેટ્સ સહિતની વ્યવસ્થાઓ કરવામાં આવે, ઊર્જા વિભાગ દ્વારા અવિરત વીજ પુરવઠો ચાલુ રહે, પાણી પુરવઠા વિભાગ દ્વારા લોકોને પીવા માટે તેમજ ખેતી માટે પૂરતું પાણી મળી રહે તે સુનિશ્ચિત કરવું, શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓ માટે ગરમીને ધ્યાને રાખીને શાળાઓના સમયમાં ફેરફાર કરવા, કૃષિ અને પશુપાલન વિભાગે પશુઓ માટે પૂરતા ઘાસચારાની વ્યવસ્થા રાખવી, વન વિભાગ દ્વારા વન્ય પ્રાણીઓ માટે પીવાના પાણીની સહિતની વ્યવસ્થા કરવી, વાહન વ્યવહાર વિભાગ દ્વારા એસટી ડેપોમાં પ્રાથમિક સારવાર કીટ, છાંયડો અને પાણીની સુવિધા કરવા, કન્સ્ટ્રકશન સાઈટ પર કામ કરતા શ્રમિકોને હીટ વેવની પરિસ્થિતિમાં બચાવવા ઠંડુ પાણી, લીંબુ પાણી અને છાસ વગેરેની વ્યવસ્થા કરવી, માહિતી વિભાગે સંભિવત અસરગ્રસ્ત સમૂહ/જૂથો માટે વિગતવાર જનજાગૃતિ અને પ્રચાર-પ્રસાર કરવો, શાળા-કોલેજોમાં પ્રવેશ માટે જરૂરી દાખલા લેવા માટે જનસેવા કેન્દ્રો અને જિલ્લાની અન્ય સરકારી કચેરીઓમાં મોટા પ્રમાણમાં અરજદારો/લાભાર્થીઓ આવતા હોય છે ત્યાં છાંયડો, પીવાનું પાણી, પ્રાથમિક સારવાર અને કામકાજનો સમય ફેરફારની બાબતો ધ્યાનમાં લેવા સૂચના આપવામાં આવી હતી. ડિઝાસ્ટર મામલતદાર પ્રિયંકા પટેલે રાજ્ય સ્તરેથી મળેલી સૂચનાઓ અંગે સંબંધિત વિભાગોને હિટ વેવ સંદર્ભે કરવાની થતી કામગીરી અંગે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન વડે સમજણ આપી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી મનિષ ગુરવાની, પ્રોબેશનરી આઈએએસ નિશા ચૌધરી, નિવાસી અધિક કલેકટર અનસૂયા જહા, ડિસ્ટ્રિક્ટ પ્રોજેક્ટ ઓફિસર જયવીર રાઓલ, આરોગ્ય ખાતાના એપેડેમિક ઓફિસર ડો.મનોજ પટેલ અને સિવિલ સર્જન ડો.ભાવેશ ગોયાણી સહિત વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

હીટવેવથી બચવા માટે શું કરવુ અને શું ન કરવું તે અંગે કલેકટરશ્રી ક્ષિપ્રા આગ્રેએ વિસ્તૃત માહિતી આપી

કપડા, ખોરાક, સ્વાસ્થ્યવર્ધક પીણા અને ઘરમાં ઠંડક રાખવા માટે શું કરવુ જોઈએ તેની સમજ આપી વલસાડ જિલ્લામાં હીટવેવ સંદર્ભે કલેકટર કચેરીના સભાખંડમાં મળેલી બેઠકમાં જિલ્લા કલેકટર ક્ષિપ્રા આગ્રેએ લૂ થી બચવા માટે પ્રજાએ શું કરવુ? અને શું ન કરવું એ બાબતે વિસ્તૃત માહિતી આપી સૌને હીટવેવ દરમિયાન તકેદારી રાખવા માટે અનુરોધ કર્યો હતો.

હીટવેવથી બચવા શું કરવું? અને શું ન કરવું?

● રેડિયો સાંભળો, ટી.વી જૂઓ, હવામાન અંગેના સ્થાનિક સમાચાર માટે વર્તમાન પત્ર વાંચો અથવા હવામાન વિષેની માહિતી આપતી મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરો. તરસ ના લાગી હોય તો પણ પૂરતા પ્રમાણમાં પાણી પીવો.

● વાઈ, હૃદય, કીડની કે યકૃત સંબંધી બીમારીથી પીડાતા વ્યક્તિઓ કે જેમને પ્રવાહીની માત્રા ઓછી લેવાની હોય તેમણે તેમજ જે મના શરીરમાંથી પ્રવાહીનો નિકાલ ઓછો થતો હોય તેમણે પ્રવાહી લેતા પહેલા ડોક્ટરની સલાહ લેવી.

● શરીરમાં પ્રવાહીની માત્રા ઓછી ન થાય તે માટે ઓ.આર.એસ દ્રાવણ અથવા ઘરે બનાવેલા પીણા જેવા કે છાશ, લસ્સી, લીંબુ પાણી, ભાતનું ઓસામણ, નારિયેળ પાણી વગેરેનો ઉપયોગ કરો. વજન તેમજ રંગમાં હળવા પ્રકારના સુતરાઉ વસ્ત્રો પહેરો. જો તમે ઘરની બહાર હોવ તો માથાના ભાગ કપડાં, છત્રી કે ટોપીથી ઢાંકી રાખો, આંખોના રક્ષણ માટે સન ગ્લાસીસ અને ત્વચાના રક્ષણ માટે સન સ્ક્રીન લગાવો. પ્રાથમિક સારવાર માટેની તાલીમ લો. બાળકો, વૃધ્ધો, બિમાર વ્યક્તિ અને વધુ વજન ધરાવતા વ્યક્તિ કે જેઓ લૂ ના ભોગ બનવાની સંભાવના વધુ ધરાવે છે તેમની વિશેષ કાળજી લો.

કામદાર અને નોકરીદાતા માટે

કાર્યના સ્થળે પીવાના ઠંડા પાણીની વ્યવસ્થા કરો. તમામ કામદાર માટે આરામની વ્યવસ્થા, શુધ્ધ પાણી, છાશ, ઓઆરએસ, બરફના પેક, પ્રાથમિક સારવાર પેટીની વ્યવસ્થા કરો. કાર્ય કરતી વખતે સીધો સૂર્યપ્રકાશ આવે તેવી સ્થિતિને ટાળો, સખત મહેનત નું કામ દિવસના ઠંડા સમયે ગોઠવો. બહારની પ્રવૃત્તિઓ માટે વિશ્રાંતી સમય અને તેની સંખ્યા વધારો, જે કામદાર વધુ ગરમીવાળા વિસ્તારમાં કાર્ય કરવા ટેવાયેલા નથી તેમને હળવું તેમજ ઓછી અવધિ માટે કામ આપો. સગભાં સ્ત્રીઓ તેમજ શારીરિક નબળાઈ ધરાવતા કામદાર ઉપર વિશેષ ધ્યાન આપો. કામદારોને હીટ વેવ એલેર્ટ વિષે માહિતગાર કરો. શકય હોય ત્યાં સુધી ઘરમાં જ રહો. ઘરગથ્થુ ઉપાય જેવા કે કાચી કેરી સાથે ડુંગળીનું ઘાણજીરુ નાખેલું કચુંબર લૂ લાગવાની શકયતા ઘટાડી શકે છે. પંખાનો ઉપયોગ કરો, ઢીલા કપડાં પહેરો અને ઠંડા પાણીથી વારંવાર સ્નાન કરો. આપના કાર્યાલય કે રહેઠાણના સ્થળે આવતાં ફેરિયા કે ડીલીવરી માણસને પાણી પીવડાવો. કાર પુલીંગ અથવા તો જાહેર વાહન વ્યવહારના સાધનોનો ઉપયોગ કરો આને લીધે ગ્લોબલ વોર્મીંગ અને ગરમીનું પ્રમાણ ઘટશે સૂકાં પાંદડા, ખેતીનો કે અન્ય કચરો બાળશો નહીં. પાણીનાં સ્રોતનું રક્ષણ કરો અને વરસાદી પાણીના સંચયની વ્યવસ્થા અપનાવો. ઊર્જા કાર્યદક્ષ સાધનો, શુદ્ધ બળતણ અને ઊર્જાના વૈકલ્પિક સ્રોતનો ઉપયોગ કરો. જો તમને ચક્કર આવતા હોય કે બીમાર હોવ તો તરત જ તબીબી સલાહ લો અથવા ઘરના કોઈ સદસ્યને કહો કે, તમને તબીબ પાસે લઈ જાય.

ઘરને શીતળ રાખવા માટે

ઘરની દીવાલોને સફેદ રંગથી રંગો. ઘરમાં ઓછા ખર્ચે ઠંડક મેળવવા માટે ફ્લૂ રુફ ટેકનોલોજી, હવાની અવર જવર માટે કોસ વેંટીલેશન અને થર્મો ફ્લૂ ઈન્સ્યુલેશનનો ઉપયોગ કરો. સૂકા ઘાસની ગંજી છત પર રાખો અથવા શાકભાજી પણ ઉગાડી શકો. ઘરની બારીઓ ઉપર સૂર્યપ્રકાશને પરાવર્તિત કરવા માટે એલ્યુમિનીયમ ફોઈલ કવર વાળા પૂંઠા લગાવો. ઘેરા રંગના પડદા, બારીઓને રંગીન કાચ લગાવો અથવા સનશેડ લગાવો અને ફક્ત રાત્રે જ બારીઓ ખોલો. બને ત્યાં સુધી નીચેના માળ ઉપર રહો. લીલા રંગના છાપરા, ઈન્ડોર છોડ મકાનને કુદરતી રીતે ઠંડુ રાખે છે અને એર કંડીશનરનો ઉપયોગ ઘટાડે છે અને તેમાંથી બહર નીકળતી વધારાની ગરમીને ઓછી રાખે છે. એર કંડીશનરનું તાપમાન ૨૪ ડીગ્રી કે તેનાથી વધુ રાખો. આને કારણે તમારું વિજળીનું બિલ ઓછુ થશે અને સાથે તમારી સ્વસ્થતાનું પણ ધ્યાન રાખશે. નવા ઘરના બાંધકામ વખતે રાબેતા મુજબની દીવાલને બદલે છીદ્રાળુ દીવાલ ટેકનોલોજીનો ઉપયોગ કરો. જાડી દીવાલનું ચણતર કરો, જે ઘરને અંદરથી ઠંડુ રાખશે. નીચેથી જાળીદાર દીવાલ ચણતર કરો કે જે ગરમીને રોકશે અને વધુ હવાને પસાર થવા દેશે. દીવાલને રંગવા માટે ચૂનો અથવા કાદવ જેવા કૂદરતી સામગ્રીનો ઉપયોગ કરો. બાંધકામ પૂર્વે મકાન બાંધકામના નિષ્ણાંતની સલાહ લો

લૂ લાગેલ વ્યક્તિની સારવાર

ભીના કપડાનો ઉપયોગ કરો અથવા તેના માથા પર પાણી રેડો. શરીરમાં પાણીનું પ્રમાણ જળવાઈ રહે તે માટે ઓ.આર. એસ અથવા લીંબુ સરબત/તોરાની જેવું પ્રવાહી આપો.વ્યક્તિને તાત્કાલિક નજીકના સ્વાસ્થ્ય કેંદ્ર ઉપર લઈ જાવ. જો શરીરનું તાપમાન એકધારૂ વધ્યું હોય, માથાનો અસહ્ય દુખાવો હોય, ચક્કર આવતા હોય, નબળાઈ હોય, ઊલટી થતી હોય કે બેભાન થઈ ગયા હોય તો તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવો.

આટલું ન કરો

બપોરના ૧૨ વાગ્યાથી ૩ વાગ્યા સુધી તડકામાં ન જાવ. જ્યારે તમે બપોરના સમયે બહાર હોવ ત્યારે શ્રમ પડે તેવી પ્રવૃતિ ન કરો. ઉઘાડ પગે બહાર ન જવુ, આ સમયે રસોઈ ન કરો. રસોડામાં હવાની અવર જવર માટે બારી અને બારણા ખુલ્લા રાખો. શરીરમાંથી પાણીનું પ્રમાણ ઘટાડે તેવા પીણા જેમ કે શરાબ, ચા, કોફી, સોફ્ટ ડ્રિંક્સ ન લો, પ્રોટીનની વધુ માત્રા વાળા મસાલેદાર, તળેલા, વધુ પડતા મીઠા વાળા આહાર ન ત્યજો. પાર્ક્ડ વેહિકલમાં પાળતુ પ્રાણી કે બાળકોને એકલા ન રાખો. વધારે પડતી રોશની વાળા વિજળીના બલ્બનો ઉપયોગ ટાળો અને જરૂર ના હોય તો કોમ્પ્યુટર કે બીજા ઉપકરણો ને બંધ રાખો.

કૃષિ વિષયક આટલું કરો.

ઊભા પાકને હળવુ તેમજ વારંવાર સિંચન કરો. પાક વિકાસની મહત્વના સ્તરે સિંચાઈની માત્રા વધારો, નિંદામણ કરીને જમીનના ભેજનું પ્રમાણ જાળવો. વહેલી સવારે અથવા સાંજે સિંચાઈ કરો. જો તમારો વિસ્તાર હીટ વેવ કે લૂ ફૂંકાતા પવનમાં આવતો હોય તો સ્પ્રિંકલરથી સિંચાઈ કરો.

પશુપાલન અંગે આટલું કરો

પશુઓને છાયડામાં રાખો અને તેમને શુધ્ધ અને ઠંડુ પાણી પુષ્કળ પ્રમાણમાં આપો. તેમની પાસેથી સવારના ૧૧ વાગ્યાથી બપોરના ૪ વાગ્યા સુધી કામ ના લો. આશ્રય સ્થાનનું તાપમાન ઓછું કરવા માટે તેના છતને ઘાંસની ગંજીથી ઢાંકો. અથવા તો છાણ કાદવ અથવા સફેદ રંગથી રંગો, આશ્રય સ્થાનમાં પંખા લગાવો, પાણીનો છંટકાવ કરો કે ફોગર્સ લગાવો. બહુ જ ગરમી હોય તેવા સંજોગોમાં પાણીનો છંટકાવ કરો અથવા પશુને પાણીના હવાળા નજીક લઈ જાવ. આહારમાં તેમને લીલો ચારો આપો. પ્રોટીન ચરબી વગરનો આહાર આપો. ખનીજ દ્રવ્ય યુક્ત ખોરાક આપો. જ્યારે બહુ ગરમી ન પડતી હોય એ સમયે ચરાવા લઈ જાવ. મરઘા ઉછેર કેન્દ્રમાં પડદા લગાવો અને હવાઉજા સની યોગ્ય વ્યવસ્થા કરો.

પશુપાલન અંગે આટલું ન કરો.

બપોરના સમયે પશુઓને ચરવા ન લઈ જાવ.

જોઈએ છે

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું નામાંકિત અખબાર ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર

PRESS "કમલમ દૈનિક"

સમગ્ર ગુજરાત માટે બ્યુરો ઓફિસ ફાળવવાની છે

સમગ્ર ગુજરાતમાં જિલ્લા તેમજ તાલુકા મથકે રિપોર્ટીંગ કરી શકે તેવા જિલ્લા ચીફ અને તાલુકા ચીફ તેમજ માનદ- રિપોર્ટરની નિમણુંક કરવાની છે.

રસ ધરાવતા (અનુભવી - બિનઅનુભવી) વ્યક્તિએ સંપર્ક કરવો

સંપૂર્ણ બાયોડેટા ઈ-મેલ દ્વારા મોકલવો

E-mail.: kamalamgujarat@gmail.com

મહેશ પટેલ - Mo.: 98249 10606

• Printer/Publisher/Owner & Editor: Mahesh N. Patel. • Printed At: Capital Offset 801/1, G.I.d.c., Sector-28 Gandhinagar, Gujarat-382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028